# ધર્મ શું ? અધર્મ શું ?



સદ્જ્ઞાન ગ્રંથમાળા

# ધર્મ શું ? અધર્મ શું ?

લેખક

પં. શ્રીરામ શર્મા આચાર્ય

પ્રકાશક :

યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

ગાયત્રી તપોભૂમિ, મથુરા.

ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિ સ્થાન

શાખા અમદાવાદ

ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,

જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩

ફોન ૦૭૯-૨૭૫૫૭૨૫૨

સુધારેલી આવૃત્તિ-૨૦૧૦ કિંમત રૂા. ૯.૦૦

ગાયત્રી શક્તિપીઠ ... રોડ,

સુરત

# ભૂમિકા

ધર્મ અને અધર્મની સમસ્યા અત્યંત જટિલ છે. જે વાતને એક સમુદાય ધર્મ માને છે એ જ વાતને બીજો સમુદાય અધર્મ માને છે. આ જટિલતાના કારણે ધર્મનો તાત્ત્વિક અર્થ જાણવા ઇચ્છતા જિજ્ઞાસુઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. માનવીના બૌદ્ધિક વિકાસની સાથે સાથે 'શા માટે' અને 'કેવી રીતે' પ્રબળ બનતાં ગયાં છે. આ યુગનો માનવી 'અમુક વ્યકિતએ કહ્યું છે' કે 'અમુક પુસ્તકમાં લખ્યું છે' પર આંધળો વિશ્વાસ રાખતો નથી. તર્ક અને પ્રમાણો દ્વારા સિદ્ધ થયેલી વાત જ એના ગળે ઊતરે છે.

કોઈ પણ વસ્તુ પોતાનો જન્મસિદ્ધ ગુણધર્મ પોતાની અંદર જાળવી રાખે છે. ઈશ્વરદત્ત જન્મજાત સ્વભાવને ધર્મ કહે છે. મેં એ સત્યના આધારે વેદશાસ્ત્રોમાં જેનો ઉપદેશ આપવામાં આવ્યો છે એ જ ધર્મના મહત્ત્વને પ્રતિપાદિત કરવાનો અહીં પ્રયત્ન કર્યો છે. ધર્મનું પાલન માત્ર પરલોક માટે જ નહિ, આ લોકની ઉન્નતિ માટે પણ એટલું જ આવશ્યક છે. મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રના નક્કર પ્રમાણોના આધારે ધર્મની બાબતની વિવેચના આધુનિક યુગનાં તાર્કિક સંતાનોને ગમશે એમ મારું માનવું છે. જો આ તથ્ય આપણી નવી પેઢીને સદાચાર, પરમાર્થ અને ઉન્નતિ તરફ અગ્રેસર કરી શકે તો લેખક પોતાના પ્રયાસને ધન્ય ગણશે.

આ પુસ્તકમાં ધર્મ, અધર્મના લગભગ બધા જ મુખ્ય પ્રશ્નો પર પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મને વિશ્વાસ છે કે નિષ્પક્ષ દૃષ્ટિકોણ ધરાવતા વિચારકો માટે આ પુસ્તક વિશેષ ઉપયોગી નીવડશે.

- શ્રીરામ શર્મા આચાર્ય

# ધર્મ શું ? અધર્મ શું ?

## સચ્ચિદાનંદની આરાધના

આમ તો 'ધર્મ' શબ્દ વિવિધ અર્થોમાં પ્રયોજાય છે. પણ દાર્શનિક દૃષ્ટિએ ધર્મનો અર્થ સ્વભાવ (ગુણધર્મ) થાય છે. અગ્નિનો ધર્મ ગરમી છે એટલે કે અગ્નિનો ગુણધર્મ ઉષ્ણતા છે. દરેક વસ્તુનો એક ગુણધર્મ હોય છે જે એની ઉત્પતિથી નાશ સુધી એ જાળવી રાખે છે. માછલીનો કુદરતી ધર્મ પાણીમાં રહેવાનો છે. સિંહ સ્વભાવે માંસાહારી છે. દરેક સજીવ કે નિર્જીવ પદાર્થ પોતાની અંદર એક ધર્મ ધારણ કરી રાખે છે. ધાતુઓ પોતાના ગુણધર્મ અનુસાર જ કામ કરે છે. ધાતુ-વિજ્ઞાનના જાણકારો લોઢું કેટલા ઉષ્ણતામાને ઓગળે છે અને મજબૂત થાય છે એ જાણતા હોય છે અને એ પ્રમાણે પોતાની કાર્યપદ્ધતિ નક્કી કરતા હોય છે. જો લોઢું પોતાનો ગુણધર્મ છોડી દે તો ક્યારેક ઓછા તો ક્યારેક વધુ ઉષ્ણતમાને ઓગળે વળી એની મજબૂતાઈ પર ભરોસો ન મૂકી શકતાં લુહારોનું કાર્ય તો અશકય જ બની જાય. નદીઓ જો ક્યારેક પૂર્વ તરફ તો ક્યારેક પશ્ચિમ તરફ વહેવા લાગે, અગ્નિ ક્યારેક ગરમ થઈ જાય અને ક્યારેક ઠંડો તો દુનિયા કેટલી અસ્થિર થઈ જાય. પરંતુ એવું બનતું નથી. વિશ્વાસનો એક-એક પરમાણુ પોતાના નિયત ધર્મનું પાલન કરવામાં લાગેલો છે. એમાં રતિભાર પણ ફેરફાર થતો નથી. કોઈ પણ વસ્તુ જે ધર્મરહિત હોય એ આ વિશ્વમાં ટકી શકતી નથી.

લાંબા સમયની શોધખોળ પછી મનુષ્યના મૂળ ધર્મને સમજી લેવામાં આવ્યો છે. જન્મથી મૃત્યુ સુધી સંપૂર્ણ માનવી પોતાના મૂળભૂત ધર્મનું પાલન કરવામાં પ્રવૃત્ત રહે છે. કોઈ પણ મનુષ્ય ધર્મરહિત નથી એ સાંભળીને આપને આશ્ચર્ય થશે, કારણ કે સામાન્ય રીતે મનુષ્યકૃત રીતરિવાજો ધર્મો, સંપ્રદાયો, પ્રથાઓને ધર્મનું નામ આપી દેવાય છે. આ

બધી તો વ્યવસ્થાઓ છે જે ધર્મની તુચ્છ વસ્તુઓ છે. વાસ્તવિકતાને જાણવા-સમજવા માટે તો એક સત્યશોધકની જેમ ઊંડા ઊતરીને મનુષ્ય સ્વભાવનું અધ્યયન કરવું પડશે.

પહેલાં જ દર્શાવવામાં આવ્યું છે કે ધર્મનો અર્થ સ્વભાવ છે. સ્વભાવ મનુષ્યકૃત હોતો નથી પણ ઈશ્વરદત્ત હોય છે. જે યોનિમાં જેવું શિક્ષણ પ્રાપ્ત કરવાનું હોય એની મર્યાદા નક્કી કરેલી હોય છે. જેથી નવા શીખાઉ ભૂલ ન કરી બેસે. શાળાના વિદ્યાર્થીઓ જ્યારે દડો રમતા હોય છે ત્યારે શિક્ષક રમવાની એ ભૂમિની મર્યાદા નક્કી કરીને એટલા ભાગમાં જ રમવાની આજ્ઞા આપે છે, પરંતુ પોતાની બુદ્ધિશકિત અનુસાર રમવામાં અને હારજીતમાં ખેલાડી સ્વતંત્ર હોય છે. રમતનું મેદાન છોડીને રસ્તા ઉપર ફૂટબોલ રમવાની વ્યવસ્થા થઈ શકે નહીં. એ જ રીતે મનુષ્ય માટે પણ કેટલીક મર્યાદાઓ નક્કી કરવામાં આવી છે જેમાં એ સારા-નરસા ખેલ ખેલી શકે છે. એ જ સ્વાભાવિક મર્યાદાઓ દાર્શનિક દૃષ્ટિએ ધર્મ કહેવાય છે. ધર્મના અંતર્ગત ક્ષેત્રમાં જ મનુષ્યનાં બધાં કામો થાય છે. એમાં પાપપુણ્ય શું છે અને એ કેવી રીતે છે ? એની વિવેચના હવે પછીનાં પૃષ્ઠોમાં કરવામાં આવશે. અત્યારે તો મૂળભૂત ધર્મ વિશે અને ઈશ્વરદત્ત સ્વાભાવિક મર્યાદા વિશે ચર્ચા કરવામાં આવી રહી છે કે જે જાણીને નિશ્ચય કરી શકાય કે માનવદેહ આપણને શા માટે પ્રાપ્ત થયો છે.

મનુષ્યની પ્રવૃત્તિઓનું ઊંડું અધ્યયન કરીને આધ્યાત્મિક તત્ત્વવેત્તાઓએ નિષ્કર્ષ કાઢયો છે કે એ 'સચ્ચિદાનંદ'ની ઉપાસનામાં પ્રત્યેક પળ વિતાવતો હોય છે. એ પ્રવૃત્તિ સિવાય એ કંઈ કરતો પણ નથી અને વિચારતો પણ નથી અબલત્ત વિરલાઓની અને સામાન્ય લોકોની સચ્ચિદાનંદની ઉપાસનામાં ભિન્નતા હોય છે. મનુષ્ય સચ્ચિદાનંદની ઉપાસના કરતો કરતો પોતાના ધર્મ કર્ત્તવ્યનું પાલન

કરવામાં કેવી રીતે લાગી રહેતો હોય છે એ તમે હવે પછી જોઈ શકશો.

સત્‌નો અર્થ છે અસ્તિત્વ, ચિત્‌નો અર્થ છે જ્ઞાન અને આનંદનો અર્થ છે સુખ. લોકો પોતાના અસ્તિત્વની ઉન્નતિમાં પોતાના જ્ઞાનની વૃદ્ધિમાં અને પોતાના સુખને વધારવામાં જ રચ્યાપચ્યા હોય છે. ફ્રેંચ મનોવૈજ્ઞાનિક સોરેન્સે માનવ પ્રવૃત્તિઓનું વિશ્લેષણ કરતાં કહ્યું છે કે મનુષ્ય પોતાનાં બધાં કાર્યો (૧) શરીર અને મનનું સુખ પ્રાપ્ત કરવા (૨) આત્મરક્ષણ માટે (૩) પોતાની જાતને સૌ સમક્ષ પ્રગટ કરવા (૪) મોટાઈ મેળવવા (૫) જૂથ ઊભું કરવા (૬) ગુપ્ત વિષયો જાણવા (૭) વિપરીત યોનિ (પુરુષ સ્ત્રી સાથે સ્ત્રી પુરુષ સાથે) ઘનિષ્ટતા કેળવવા (૮) સાહસ કરવાની ઇચ્છાઓથી પ્રેરાઈને કરે છે. એટલે કે મનુષ્યને જેટલાં પણ કાર્યો કરતાં જોઈએ એ બધાં આ ઇચ્છાઓનાં ફળ માત્ર હોય છે. આ આઠ વૃત્તિઓનું વિભાજન આપણે આ રીતે કરી શકીએ-

**અસ્તિત્વ ઉન્નતિની અંતર્ગત**

(૧) આત્મરક્ષણ (૨) કીર્તિ ઝંખના (૩) મોટાઈની ઝંખના

**જ્ઞાનવૃદ્ધિની અંતર્ગત**

(૧) ગુપ્ત વિષયોની જાણકારી (૨) જૂથ રચના

**આનંદવૃદ્ધિની અંતર્ગત**

(૧) શારીરિક અને માનસિક સુખ (૨) સાહસ (૩) વિપરીત યોનિ સાથે ઘનિષ્ટતા.

હવે વિચારો કે મનુષ્યનાં બધાં કાર્યો આ સીમાઓમાં સમાઈ જાય છે કે નહિ ? હિંસક, દસ્યુ, આક્રમણકારીઓ આપત્તિથી બચવા માટે, ટાઢ તાપથી રક્ષણ મેળવવા માટે મૃત્યુથી દૂર ભાગવા માટે ઘર બનાવી સમૂહોમાં રહે છે, શસ્ત્રો રાખે છે, ડરે છે, સંતાય છે, ભાગે છે. વૈદ્યો ડૉક્ટરો પાસે જાય છે. રાજ્યનું નિર્માણ કરે છે. દેવીદેવતાઓની મદદ

માગે છે, યુદ્ધ કરે છે અને એવા અનેક પ્રયત્નો કર્યા કરતા હોય છે, જેથી વધુ દિવસ જીવી શકાય, મૃત્યુથી દૂર રહેવાય.

કીર્તિ માટે લોકપ્રિય બનવું, ફેશન અપનાવવી, જાહેરાત કરવી, પોતાની રીતિ-નીતિ વિશેષ પ્રકારની રાખવી, ભાષણ આપવું, પોતાના વિચારો પ્રગટ કરવા, જેવા પ્રયત્નો લોકોનું ધ્યાન ખેંચવા માટે કરવામાં આવે છે. ગૌરવ માટે નેતા બનવું, નાના માણસોને પોતાના સંરક્ષણ હેઠળ સમાવવા, હોદ્દો પ્રાપ્ત કરવો, સંપત્તિવાન, બળવાન બનવું, રાજકીય સંપત્તિ મેળવવી, ગુરુ બનવું, પોતાને પદવીધારી, ઈશ્વરભક્ત, ધર્મપ્રચારક ગણાવવા જેવાં કાર્યો પણ થતાં હોય છે. એ રીતે આત્મસંરક્ષણ, કીર્તિ અને ગૌરવ પ્રાપ્ત કરીને આત્મવિશ્વાસ, આત્મસંતોષ અને આત્મ-ઉન્નતિ પ્રાપ્ત કરવામાં આવે છે.

વિદ્યાપ્રાપ્તિ, સત્સંગ, સ્વાધ્યાય, સાધના, અન્વેષણ, આવિષ્કાર, સંશોધન, પરીક્ષણ, વાદવિવાદ, યાત્રા, સમારંભોમાં ઉપસ્થિતિ, નવી વસ્તુઓનો અભ્યાસ 'ગુપ્ત વિષયોની જાણકારી' માટે કરવામાં આવે છે. સમાજમાં રહેવું, મિત્રવર્તુળ વધારવું, સંગઠનો સ્થાપવાં, કંપની ખોલવી, ભાગીદારી કરવી વગેરે કાર્યો દ્વારા મનુષ્ય બીજાની યોગ્યતાઓની જાણકારી પ્રાપ્ત કરીને એની સામૂહિક અનુભૂતિઓના આધારે પોતાની ચેતનાની વૃદ્ધિનો લાભ ઉઠાવવા મનુષ્ય ઇચ્છતો હોય છે. આમ રહસ્યોના સંશોધનને પોતાનો પ્રિય વિષય બનાવી આપણે અલ્પજ્ઞતાથી સર્વજ્ઞતા તરફ અગ્રેસર થવા ઇચ્છતા હોઇએ છીએ અને સંસારના અદૃશ્ય વિષયોનાં રહસ્યોથી પરિચિત થવા માટે આપણે તીવ્ર જ્ઞાનપિપાસાને પોષીએ છીએ. વિદ્યાલય, યોગસાધનાઓ, પ્રયોગશાળાઓ, પુસ્તકો, વર્તમાનપત્રો, રેડિયો વગેરે મનુષ્યની માનસિક ભૂખના નિવારણ માટે જ્ઞાનવૃદ્ધિનું નિમિત્ત બનતા હોય છે.

સ્વાદિષ્ટ ભોજન, ઠંડી-ગરમી નિવારવાના પ્રયત્નો, વસ્ત્રો, કોમળ

પથારી, સવારી, સેવક વગેરે શરીરસુખ માટે અને રમત, તમાશા, નાચગાન, ગીત, વાદ્ય વગેરે મનોરંજન માટે હોય છે. ત્યાગ, દાન, અદ્‌ભુત કાર્યો, કષ્ટોનો સામનો જેવાં ધીરતા-વીરતાનાં કાર્યો સાહસપ્રદર્શન માટે કરવામાં આવે છે. પુરુષો સ્ત્રીઓની બાબતમાં અને સ્ત્રીઓ પુરુષોની બાબતમાં અનેક રીતે વધુ પડતો રસ લેતાં સર્વત્ર જોવા મળે છે. આ આકર્ષણ પણ આનંદદાયક મનાય છે. શરીર સ્વસ્થ, દીર્ઘજીવી, આનંદી અને ઉન્નતિશીલ બનવાની ક્ષમતા ધરાવે અને મનોરંજન દ્વારા ઉર્ધ્વગતિ પ્રાપ્ત કરવાની શકિત અંતર-મન ધરાવે એ માટે અંતઃચેતના પ્રયત્ન કરતી જ હોય છે કે જેથી શરીર અને મનની પ્રસન્નતા નષ્ટ ન થઈ જાય.

વાચકો, તમે સર્વત્ર નિરીક્ષણ કરશો તો તમને સત્-અસ્તિત્વની ઉન્નતિ, ચિત્-જ્ઞાનની વૃદ્ધિ, આનંદ, શરીર અને મનની સુખસાધનામાં જ બધા લોકો પ્રવૃત્ત જોવા મળશે. કોઈ પણ વ્યકિત આ સચ્ચિદાનંદના કાર્યક્રમથી વિરકત હોતી નથી. માટે જ્યારે આપણે ગંભીર દૃષ્ટિએ મનુષ્યના સ્વભાવજન્ય મૂળભૂત ધર્મની શોધ કરીએ છીએ ત્યારે 'સચ્ચિદાનંદની ઉપાસના'ના તત્ત્વને પ્રાપ્ત કરીએ છીએ.

## પાપ-પુણ્યનો ભેદ

તમે આગળનાં પૃષ્ઠોમાં જોઈ ગયાં કે વ્યકિત સારાં કે નરસાં જે પણ કાર્યો કરે છે તે નિશંક રીતે સચ્ચિદાનંદની પ્રાપ્તિ માટે જ કરે છે. માનવજીવનની ધારા એ જ નિશ્ચિત દિશામાં પ્રવાહિત થતી રહે છે એને બદલવી કોઈ પણ વ્યકિત માટે શકય નથી કારણ કે એ ઈશ્વરદત્ત સ્વાભાવિક ધર્મવૃત્તિ છે, જે માણસને જન્મતાંની સાથે જ પ્રાપ્ત થઈ હોય છે.

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે જો મનુષ્ય પોતાના સ્વાભાવિક

ધર્મનું પાલન કરે છે તો પછી પાપ-પુણ્ય, યોગ્ય-અયોગ્ય, સારા-નરસાનો ભેદ શા માટે ? કેટલાંક કાર્યો ધર્મ અને કેટલાંક કાર્યો અધર્મ તરીકે ઓળખાય છે. શા માટે ? પાપી અને પુણ્યાત્માનો ભેદ શા માટે ? આ પ્રશ્નોના તાત્ત્વિક સમાધાન માટે સુકર્મ અને કુકર્મ વચ્ચેનો ભેદ પારખવો પડશે. વાસ્તવમાં તો કોઈ પણ કર્મ ખરાબ નથી, પણ એને કરવાની વ્યવસ્થામાં ફેરફાર થવાથી એનું સ્વરૂપ બદલાઈ જાય છે. એક જ કર્મવ્યવસ્થાના ફેરફારથી પાપ પણ હોઈ શકે અને પુણ્ય પણ. જેમ કે 'દાન આપવું' એ કર્મ છે. જો એ સુપાત્રને અપાય તો પુણ્ય છે અને કુપાત્રને અપાય તો પાપ છે. "મૈથુન" એક કર્મ છે. જો એ પોતાની પત્ની સાથે થાય તો ઉચિત છે. પરંતુ પરસ્ત્રી સાથે અનુચિત છે. 'મદ્યપાન' એક કર્મ છે. જો રોગનિવારણ માટે દવારૂપે લેવામાં આવે તો એ યોગ્ય છે અને ઉન્મત્ત થવા માટે લેવામાં આવે તો અયોગ્ય છે. 'હિંસા' એક કર્મ છે. જો અત્યાચારી, દુષ્ટ, ઘાતક પ્રાણીને મારી નાખવામાં આવે તો ઉચિત છે, પરંતુ ઉપકારી, નિરુપદ્રવી નિર્દોષને મારનાર અપરાધી ગણાય છે. પરોપકાર માટે, ધર્મકાર્ય માટે જો વિવેકપૂર્વક ચોરી, ઠગાઈ, અસત્ય કે છળનો આશ્રય લેવો પડે તો એ અધર્મ નથી ગણાતો. વાચકો જો ગંભીરતાપૂર્વક વિચાર કરશે તો એમને જણાશે કે મનુષ્ય દ્વારા કરવામાં આવતાં કોઈ પણ કર્મો સ્વયં સારાં કે નરસાં હોતાં નથી, પણ એમનો પ્રયોગ જે સ્વરૂપે કરવામાં આવે છે તે અનુસાર એ પાપ-કે પુણ્ય બની જાય છે.

બે રસોઈયા રસોઈ બનાવે છે. એકની રસોઈ સારી બની અને બીજાની રસોઈમાં અજ્ઞાનને લીધે ત્રુટિઓ રહી ગઈ. ખાનારા સારી રસોઈ બનાવનારની પ્રશંસા કરશે અને એને યોગ્ય ઠરાવશે. પરંતુ જેણે ભોજન બનાવવામાં ભૂલો કરી હોય એની વાનગીઓ ઠુકરાવી દેવાશે. ખાનારા એનાથી નાસજ થશે અને એને કડવાં વચનો સાંભળવાં પડશે.

માલિક પણ એને દંડને પાત્ર ગણશે. બંને રસોઈયાઓએ નિયત કર્મ જ કર્યું છે. મૂળ કર્મમાં દોષ નથી, પણ કાર્યપદ્ધતિમાં તફાવત હોવાથી એક યોગ્ય અને બીજો અયોગ્ય સાબિત થયો. એક આદરનો અને બીજો અનાદરનો ભાગીદાર બન્યો. પાપ-પુણ્યની વાત પણ આવી જ છે. પોતાની બઢતી માટે, જ્ઞાનવૃદ્ધિ માટે કે આનંદપ્રાપ્તિ માટે બધા જ મનુષ્યો અનેક પ્રકારનાં કાર્યો કરે છે. આ ત્રણ ઉદ્દેશ્યો સિવાય ચોથા ઉદ્દેશ્યથી પ્રેરાઈને કોઈ કામ કરતું નથી. સાધુ, સંત, ત્યાગી, પરોપકારી કે દુષ્ટ દુરાચારી બધા જ ઉપરોક્ત ત્રણ આકાંક્ષાઓથી પ્રેરાઈને પોતપોતાનાં કાર્યો કરે છે. એમાંથી ચતુર રસોઈયાની જેમ જે લોકો સાવધાની અને બુદ્ધિચાતુર્યથી પોતાની કાર્યપદ્ધતિનું નિર્માણ કરે છે તેઓ પુણ્યાત્મા કહેવાય છે અને જેઓ બેદરકારીથી વિચાર્યા વગર કામ કરે છે તેઓ પાપી કહેવાય છે.

અમુક કર્મ પાપ છે, અમુક પુણ્ય છે એ નિર્ણય કરવા માટે સૃષ્ટિના પ્રારંભથી બધાં જ ધર્મશાસ્ત્રો અને તત્ત્વવેત્તાઓ લાગેલા રહ્યા છે. પાપ-પુણ્યની વ્યાખ્યા આપવા માટે હજારો ધર્મગ્રંથોનું નિર્માણ થઈ ચૂક્યું છે, પરંતુ સર્વમાન્ય ફલશ્રુતિ પ્રાપ્ત થઈ શકી નથી. એક પક્ષના વિદ્વાનો જે કાર્યોને કે વિચારોને ધર્મ ગણાવે છે એને બીજા અધર્મ કહે છે. એ રીતે લોકોમાં યોગ્ય માન્યતાઓ પ્રત્યેનો વિશ્વાસ દૃઢિભૂત ન થતાં ભ્રમણાઓમાં વધારો થતો રહે છે. આ બાબતમાં મહાભારતનો મત સૌથી વધુ બુદ્ધિસંગત પ્રતીત થાય છે. ભગવાન વ્યાસે લખ્યું છે 'પરોપકાર પુણ્ય છે અને પરપીડન પાપ છે. પરોપકાર પુન્યાય, પાપાય પરપીડનમ્' આપણી ત્રણે વૃત્તિઓની વૃદ્ધિમાં પરોપકાર વિશેષ સહાયતા કરે છે. તેથી એ પુણ્ય છે. જેવો વ્યવહાર આપણે બીજા સાથે કરીએ એવો જ વ્યવહાર બીજા આપણી સાથે કરે છે. એ નિશ્ચિત નિયમ છે. જો આપણે બીજાના માર્ગમાં બાધક ન બનીએ તો બીજા આપણા માર્ગમાં બાધક નહિ બને. જો આપણે આપણો સ્વભાવ નમ્ર. મધુર,

આનંદી, ઉપકારી તથા દયાળુ બનાવી લીધો હોય તો મહદ્ અંશે બીજા લોકો પણ આપણી સાથે એવો જ વ્યવહાર કરે છે. ચોર ડાકૂઓને ચારે તરફ પકડનારા જ દેખાય છે, પરંતુ સજ્જન, ધર્માત્મા અને ઈમાનદાર વ્યકિત નિશ્ચિંત થઈને નિદ્રા માણી શકે છે. એમને આત્મિક અશાંતિનો અનુભવ કરવો પડતો નથી. જ્યારે બીજાને હાનિ પહોંચાડનારા લોકોનું હૃદય હંમેશાં કાંપતું જ હોય છે. સત્પુરુષો સર્વત્ર આદર પામે છે. તેઓ નિર્ધન હોવા છતાં બેતાજ બાદશાહ હોય છે. કારણ કે પરોપકારી વૃત્તિઓમાં ગજબનું આધ્યાત્મિક આકર્ષણ હોય છે. ફૂલની સુગંધથી આકર્ષાઈ મધમાખીઓ એની ચારે બાજુ ગણગણતી હોય છે. એ જ રીતે પરમાર્થી સ્વભાવના આકર્ષણથી અન્ય લોકો આપમેળે જ પ્રશંસક અને સહાયક બની જતા હોય છે.

પોતાનાં કાર્યોને સેવાયુકત બનાવી દેવાથી અંતઃકરણને અસાધારણ શાંતિ પ્રાપ્ત થાય છે. ડગલેને પગલે જીવનનો ઉલ્લાસ અનુભવાય છે. ક્રૂરતા, કુટિલતા, છળકપટ અને પાખંડથી જે માનસિક ઉદ્વેગ ઉત્પન્ન થાય છે એ જીવનને અત્યંત અવ્યવસ્થિત, અશાંત અને કર્કશ બનાવી દે છે. માનવજીવનમાં વણાયેલા આધ્યાત્મિક અમૃતનો અનુભવ સ્વાર્થી લોકો કરી શકતા નથી. જે વ્યકિત પોતાના જ સુખનું ધ્યાન રાખે છે, પોતાની જ ચિંતા કરે છે અને બીજાની પરવા કરતી નથી એ અત્યંત વિકટ પરિસ્થિતિમાં ફસાઈ જાય છે. બધા એને ધૃણાની નજરે જુએ છે. કોઈ પણ એને સાચા હૃદયથી પ્રેમ કરતું નથી. શકય છે કે સ્વાર્થી જીહજૂરીયાઓ એની 'હા' માં 'હા' કરે, એની શકિતના આતંકથી ડરીને વિરોધીઓ એને પ્રત્યક્ષ હાનિ પહોંચાડી શકે નહી. એમ છતાં પણ અદૃશ્ય રીતે એને ઘણી હાનિ વેઠવી પડે છે. સ્વાર્થી માનવી વધુ સુખ પ્રાપ્ત કરવા માટે બીજાને સતાવે છે. સતામણી થયેલા લોકોનો અંતરાત્મા જે નિસાસા નાખે છે એ નિસાસા શબ્દવેધી બાણની જેમ એના માનસ પર પ્રહાર કરીને એને ઘોર માનસિક સંતાપ આપે છે. જે

લોકોને પ્રત્યક્ષ હાનિ ન થઈ હોય તેઓ પણ સ્વાર્થીની અનીતિ પ્રત્યે ઘૃણા સેવે છે અને એ અસંખ્ય મનુષ્યોની ઘૃણાભાવનાઓ એ સ્વાર્થી મનુષ્ય માટે અદૃશ્યરૂપે ઘાતક પરિણામો ઉપસ્થિત કરવામાં લાગી જાય છે. સ્થૂળ દૃષ્ટિએ સ્વાર્થી મનુષ્ય ભૌતિક વસ્તુઓનું બાહુલ્ય ધરાવનાર, માલદાર ભલે લાગે, પરંતુ વાસ્તવમાં એ ખોટમાં જ જાય છે. એનાં માનસિક સુખ-શાંતિ નાશ પામે છે.

આપણે પરમાર્થમય જીવન વિતાવીને, પોતાનાં કાર્યોને બીજા માટે લાભદાયક બનાવીને આનંદઉલ્લાસ પ્રાપ્ત કરી શકીએ છીએ. ત્યાગ-ભાવનાને, પ્રેમવ્યવહારને જીવનમાં ઉતારીને આપણે ઘણા સંઘર્ષોથી બચી શકીએ છીએ. એનાથી કોઈનાં શાપ કે ઘૃણા આપણા આત્માને ઘાયલ કરતાં નથી. બલ્કે લોકોના આશીર્વાદ, શુભકામનાઓ, સદ્ભાવનાઓની અમીવૃષ્ટિનો લાભ મળ્યા કરે છે અને એનાથી મન પ્રફુલ્લિત રહે છે. ઉત્તમ સ્વભાવનો પરમાર્થી માનવી પોતાના દૈવી પ્રભાવથી આસપાસના લોકોને અને વાતાવરણને પ્રભાવિત કરીને ઉત્તમ સમાજનું નિર્માણ કરવામાં સહાયભૂત બને છે. આપણે પાડોશીઓની સાથે પ્રેમ, ભલાઈ, ન્યાય અને પ્રામાણિકતાભર્યો વ્યવહાર કરીએ તો તેઓ પણ કંઈક અંશે અનુકરણ કરવા પ્રેરાશે. આ રીતે મનુષ્ય પરમાર્થ નીતિ અપનાવીને પોતાના અને અન્યના જીવનને સુખશાંતિપૂર્ણ બનાવી શકે છે.

આ લેખના આરંભમાં દર્શાવ્યા પ્રમાણે કર્મ એ સારું કે નરસું નથી, પણ લોખંડ છે. એ રીતે એક પદાર્થ જ છે. લોઢાથી શાસ્ત્રોની રચના કરનારી કલમ પણ બની શકે છે અને હત્યા કરનારો છરો પણ બની શકે છે. વસ્તુ એક હોવા છતાં પ્રયોગભેદથી એના પ્રકારમાં પણ ભેદ આવી જાય છે. પાપ અને પુણ્ય પણ એવા જ કોઈ એક કાર્યના બે પ્રયોગભેદ છે. વ્યાસજીએ પરોપકારને પુણ્ય અને સ્વાર્થને (પરપીડન) પાપ ગણાવીને અતિઉત્તમ માર્ગદર્શન આપ્યું છે. પોતાના માટે પ્રમાણ કરતાં વધુ ભેગું કરવું એ પાપ છે અને બીજાની સુવિધાનું અધિક

ધ્યાન રાખવું તે પુણ્ય છે. સ્વાર્થીને પાપી અને પરમાર્થીને પુણ્યાત્મા કહી શકાય- કારણ કે સ્વાર્થીથી માનસિક અશાંતિ પ્રાપ્ત થાય છે અને અન્યને કષ્ટ થવાથી વિરોધી વાતાવરણ ઉત્પન્ન થાય છે. પરમાર્થથી આત્મિક શાંતિ પ્રાપ્ત થાય છે. એનાથી અન્ય લોકો સુખ પામે છે. સમાજમાં શાંતિ જળવાય છે અને સદ્ભાવોનું સુખદાયી વાતાવરણ ઉત્પન્ન થાય છે.

કર્મયોગના મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતો અનુસાર કોઈ વ્યકિત સાધારણ કામકાજ કરતાં કરતાં સંન્યાસી અને તપસ્વીની ગતિ પ્રાપ્ત કરી શકે છે. અધ્યાપન, મજૂરી, વેપાર કે ધંધો કરતાં કરતાં વ્યકિત જો પોતાના વિચારોને પરમાર્થી રાખે તો એનું દૈનિક કાર્ય ધર્મ બની જાય છે. જો કોઈ દુકાનદાર પોતાની દુકાન પરમાર્થની ભાવનાથી ચલાવે, પોતાની મજૂરી, નફો નક્કી કરી લે છે, યોગ્ય ભાવે પૂરેપૂરું તોલી-માપીને વેપાર કરે, અજાણ્યાને ઓછું અને જાણીતાને વધુ આપતો નથી. પોતાના કાર્યને સમાજસેવા, ધર્મ સમજે છે એટલે ખરાબ, ભેળસેળવાળી, દૂષિત કે હાનિકર્તા વસ્તુઓ વેચતો નથી તો નિઃશંક રીતે તે ધર્માત્મા છે. પોતાની આત્મિક શાંતિ અને બીજાને સુખ એ જ ધર્મની સાચી ઓળખ છે. એ દુકાનદારની દુકાન આ બંને કાર્યો પૂરાં કરે છે તો એ યજ્ઞશાળા કરતાં કોઈ રીતે ઊતરતી કક્ષાની નથી. રાજા જનક રાજપાટ સંભાળતા હતા, એમની અનેક રાણીઓ હતી, પરંતુ તેઓ ઉચ્ચ કોટિના યોગી હતા. મોટા મોટા તપસ્વી, વનવાસીઓ એમની પાસે શિક્ષણ પ્રાપ્ત કરવા આવતા હતા. રાજપાટ, દુકાન, વેદપાઠ, સંન્યાસ, મજૂરી એક કાર્ય માત્ર છે. તેઓ સ્વયં ન સારાં છે, ન નરસાં એમનો પ્રયોગ જે રૂપે કરવામાં આવે એ જ પ્રમાણે એમનું સારુંનરસું સ્વરૂપ અસ્તિત્વમાં આવે છે. ઉત્તમ કામ પણ જો ખરાબ ઈરાદાથી કરવામાં આવે તો એમનું ફળ પાપ સમાન જ હોય છે અને સામાન્ય કામ પણ જો ઉત્તમ ભાવનાથી કરવામાં આવે તો એનું પરિણામ પુણ્યસ્વરૂપ જ હોય છે.

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. કેટલાક અપવાદોને બાદ કરતાં દરેક માનવી બીજાના સહયોગથી આનંદ પ્રાપ્ત કરી શકે છે. ઉત્તમ ભોજન, સુંદર વસ્ત્રો, મકાન, વાહન, વિદ્યા, મનોરંજન વગેરે બીજાના સહયોગથી જ પ્રાપ્ત થાય છે. નિંદા-પ્રશંસા, મિલન-વિયોગ, હાનિ-લાભ, માન-અપમાન, સત્કાર જેવાં કાર્યો બીજાઓ દ્વારા જ થાય છે, પરંતુ આપણાં સુખ અને દુઃખ આ બધી બાબતો પર જ આધાર રાખે છે. આમ સમાજ અને વ્યકિતનો ઘનિષ્ટ સંબંધ છે. વ્યકિતની ઉત્તમતાથી સમાજનાં સુખ-શાંતિ અને સમાજની ઉત્તમતાથી વ્યકિતની પ્રસન્નતા વધે છે. જે કાર્યો વ્યકિતને ત્યાગી બનાવીને સમાજને માટે સમર્પિત કરે એ પુણ્યકાર્યો છે. "પોતાના માટે ઓછામાં ઓછું અને બીજા માટેનાં સુખ-સુવિધાનું વધારે ધ્યાન રાખવું" એ જ મનોવૃત્તિ ધર્મનો આધાર છે. ત્યાગ, દયા, ઉદારતા, દાન, સહાયતા, સેવા, પરોપકાર તથા પરમાર્થ પુણ્ય છે કારણ કે એમને અપનાવવાથી મનુષ્ય સમાજને ઉપયોગી બની રહે છે અને એ ઉપયોગિતાના કારણે બંને પક્ષો સમૃદ્ધ બને છે.

ચોરી, હિંસા, છળ, વ્યભિચાર, સ્વાર્થ, વિશ્વાસઘાત, ઘમંડ, જૂઠું બોલવું, કર્કશતા, અત્યાચાર, જુગાર વગેરે જેવી કુટેવો અધર્મ જ કહી શકાય. આવા સ્વભાવ સાથે જે પણ કાર્ય કરવામાં આવે એ બીજાને, સમસ્ત સમાજને હાનિકર્તા હોવાથી પાપ જ ગણાવી શકાય. જેમને નુકસાન થયું હોય એમનામાં બદલાની ભાવના વધે છે અને ઝઘડા ઊભા થાય છે. એ જ રીતે નશાખોરી, ઉડાઉપણું, બીમારી, ગંદકી વ્યકિતગત પાપ છે. એમાં ફસાયેલો માણસ સમાજ માટે હાનિકારક સિદ્ધ થાય છે. તેથી આવી ટેવોને પણ પાપ ગણાવી શકાય. વ્યકિતગત પાપ મોટાભાગે આંતરિક જીવનને નિરુપયોગી બનાવે છે અને ચોરી વગેરે જેવાં સામાજિક પાપ બીજાને વધારે હાનિ પહોંચાડે છે. માટે વ્યકિતગત પાપો કરતાં સામાજિક પાપો વધુ હાનિકર્તા ગણી શકાય.

પહેલા જ પ્રકરણમાં તમે જોયું કે દરેક મનુષ્ય સત્-અસ્તિત્વની ઉન્નતિ, ચિત્-જ્ઞાનની વૃદ્ધિ, આનંદસુખ સાધનામાં લાગેલો છે. એ ત્રણને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી પ્રેરાઈને જ તે બધાં કાર્યો કરે છે. એ કાર્યોમાંથી કયાં ઉચિત છે ? કયાં અનુચિત છે ? કયાં કાર્યો કરવાથી હાનિ થાય છે ? એ બધા જ પ્રશ્નોના ઉત્તર રૂપે ઉપર કહ્યું તેમ જ કહેવું રહ્યું કે પરમાર્થ ભાવનાથી કરેલાં કાર્યો જ ઉત્તમ અને ઈષ્ટ સિદ્ધિ પ્રદાન કરનારાં હોય છે. ગીતાના કર્મયોગનો એ જ સારાંશ છે.

## મધ્યમ માર્ગ

યાત્રાનો નિયમ છે કે મધ્યમ ઝડપે ચાલવું જોઈએ. બહુ જ ધીરે ચાલવાથી કે બહુ જ ઝડપથી ચાલવાથી હાનિ ભોગવવી પડે છે. બહુ જ ધીરે ચાલવાથી યાત્રાનો ક્રમ અટકી જાય છે અને વિવિધ પ્રકારના દોષો ઉત્પન્ન થાય છે. શરીર માટે પરિશ્રમ આવશ્યક છે. જો કોઈ વ્યકિત ગાદી-તકિયા પર પડયા પડયા સમય વિતાવે તો એના સ્નાયુઓ નિર્બળ થઈ જાય છે. પાચનશકિત ઘટી જાય છે અને ઇન્દ્રિયોમાં દોષ ઉત્પન્ન થાય છે. એ જ રીતે જો શરીર પાસેથી અત્યધિક કામ લેવામાં આવે, મનુષ્ય દિવસ રાત કઠોર પરિશ્રમ કર્યા કરે ત્યારે પણ શકિતનો અધિક વ્યય થવાથી દેહ ક્ષીણ થઈ જાય છે. પરમાત્માએ આપણને મન અને ઈન્દ્રિયોનાં સુંદર ઓજાર આપ્યાં છે જેનાથી જીવ પોતાની મૂળભૂત આકાંક્ષાઓ પૂરી કરી શકે છે. પેટને ભૂખ લાગે છે. બુદ્ધિને ચિંતા થાય છે કે ભોજન પ્રાપ્ત કરવા માટે પરિશ્રમ કરવો જરૂરી છે. મગજ ધન કમાવવાના ઉપાયો વિચારે છે. પગ ઉદ્યોગધંધાની શોધમાં ફરે છે. હાથ મજૂરી કરે છે. અન્ય અંગો પણ પોતપોતાનું કામ કરે છે. આ બધા પ્રયત્નોથી શરીરના દરેક અંગની યોગ્યતા વધે છે. બુદ્ધિ, મગજ, હાથ, પગ દરેકની ક્ષમતા વધે છે અને એમની સામૂહિક

ઉન્નતિથી મનુષ્યની ગુપ્ત શકિતઓ સુદૃઢ થતી જાય છે અને એટલા પ્રમાણમાં જીવનો વિકાસ થાય છે. જો પેટને ભૂખ ન લાગત તો મનુષ્ય જે નિરંતર ઉદ્યોગ કરે છે એ શા માટે કરત ? અજગરની જેમ કોઈ ગુફામાં પડયો રહેત. જ્યારે મન થાય ત્યારે કોઈનું ભક્ષણ કરી લેત. ન બુદ્ધિને કષ્ટ આપવાની જરૂર ઊભી થાત ન શરીરને. આજે ચારે બાજુ જે દોડધામ દેખાય છે એ ભૂખ ન રહેતાં એના હજારમા ભાગની પણ જોવા ન મળત. સૃષ્ટિ સંચાલન માટે પરમાત્માને જીવની વિકાસયાત્રા નિર્ધારિત કરવી પડી અને એ યાત્રા મુશ્કેલીમાં ન મુકાય એ માટે પ્રેરક બળો મૂકી દેવાં પડયાં કે જેનાથી જીવની વિકાસયાત્રા નિરંતર ચાલ્યા કરે.

ઉપર પેટની ભૂખનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એવી અનેક ભૂખ મનુષ્યને લાગતી હોય છે. એમાંથી કેટલીક શારીરિક હોય છે તો કેટલીક માનસિક. ઈન્દ્રિયો પોતપોતાની તૃપ્તિ ઇચ્છે એમાં કોઈ ખોટી વાત નથી. જો વ્યકિતને સંભોગની ઇચ્છા ન હોત તો એ બિલકુલ સ્વાર્થી બની રહેત. બાળકોના ઉછેરમાં જે પરોપકારની, સેવાની, સ્નેહની, લાડની, કષ્ટ સહન કરવાની ભાવનાઓ જાગૃત થાય છે એ સંતાન વગર કઈ રીતે શક્ય બનત ? કામવાસના વગર સંતાનો ન હોત. એટલા માટે જ સાત્ત્વિક વૃત્તિઓ જગાડવા માટે ઈશ્વરે કામવાસનાની ભૂખ મનુષ્યને આપી છે. ઈન્દ્રિયની ભૂખ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. એમની રચના પરમાત્માએ ઘણું વિચારીને પછી જ કરી છે. એ જ રીતે મનુષ્યની બધી શારીરિક અને માનસિક વૃત્તિઓ જે એને જન્મથી જ સ્વાભાવિક રીતે પ્રાપ્ત થઈ છે એ જીવનને ઉન્નત, વિકસિત, સરસ, ઉત્સાહપ્રદ અને આનંદમય બનાવવા માટે અત્યંત આવશ્યક છે.

ધાર્મિક વિદ્વાનો મોટાભાગે ઈન્દ્રિયભોગોને ઘૃણિત, અશુભ અને પાપપૂર્ણ ગણાવતા હોય છે. વાસ્તવમાં એમના કહેવાનો ભાવાર્થ એ છે

કે ઈન્દ્રિયભોગોનો અતિરેક પાપ છે. અભાવની જેમ અતિરેક પણ અનિષ્ટ સર્જે છે. ભુખ્યા રહેવાથી શરીરનો હ્રાસ થાય છે. વધારે ખાવાથી પેટ બગડે છે. માટે મધ્યમ માર્ગનું અવલંબન એ જ ઉત્તમ છે. ભૂખ્યા ન રહીએ અને વધુ પડતું પણ ન ખાઈએ. જરૂર પૂરતું જ ખાવું જોઈએ. ધનનું ઉપાર્જન યોગ્ય અને આવશ્યક કાર્ય છે. એમાં જ્યારે અતિરેક કે અભાવનો સમાવેશ થાય છે ત્યારે પાપપૂર્ણ સ્થિતિ ઉત્પન્ન થાય છે. ધન ન કમાનારને હરામખોર, નકામો, આળસુ, અકર્મણ્ય કે નાલાયક કહેવાય છે અને ધન કમાવાની લાલસામાં અત્યંત તીવ્રતાથી મંડી પડનાર લોભી, કંજૂસ, લાલચુ વગેરે નામોથી તિરસ્કારને પામે છે. કારણ કે કોઈ પણ બાબતમાં અતિરેક કરવાથી બીજાં જરૂરી કાર્યો રહી જાય છે. વ્યાયામ ઉત્તમ છે, પણ જો કોઈ વ્યકિત દિવસરાત વ્યાયામ કરવામાં જ લીન રહે અથવા હાથ પગ હલાવવાનું જ બંધ કરી દે તો એ બંને પરિસ્થિતિઓ હાનિકારક છે અને નિંદાને પાત્ર છે. વિવેકપૂર્વક ખર્ચ કરવો એ મધ્યમ માર્ગ છે. ખર્ચ ન કરનારને કંજૂસ અને અત્યંત ખર્ચ કરનારને ઉડાઉ કહેવાય છે. ખર્ચ કરવો એ સ્વાભાવિક કર્મ છે પણ એના અતિરેક કે અભાવથી એ દુષ્કર્મ બની જાય છે.

લઘુતાથી મહાનતા તરફ, અપૂર્ણતાથી પૂર્ણતા તરફ જીવનનો પ્રવાહ વહે છે. પ્રાણીમાત્રની શારીરિક અને માનસિક સ્વાભાવિક ઇચ્છા આકાંક્ષાઓ પોતાની ભૂખ પ્રગટ કરી જીવનના ક્રમને ગતિ આપે છે. (૧) આરોગ્ય (૨) જ્ઞાનવૃદ્ધિ (૩) સૌંદર્ય (૪) ધન (૫) કીર્તિ (૬) સંગઠન (૭) વિવાહ (૮) આત્મગૌરવ આ આઠ વસ્તુઓ દરેક મનુષ્ય ઝંખતો હોય છે. એમની શાખાઓ ઉપશાખાઓ અનેક છે પણ મૂળભૂત રીતે તો એ આઠ જ વૃત્તિઓ છે. સત્ ચિત્ આનંદની ત્રણ ઇચ્છાઓ સંસારના પંચભૌતિક પદાર્થો સાથે અથડાઈને ઉપરોકત આઠ ટુકડામાં વહેંચાઈ જાય છે. આઠે પહોર મનુષ્ય આ આઠ કામોની ઇચ્છા-

અભિલાષાઓમાં અટવાતો રહે છે અને એમને તૃપ્ત કરવા માટે અવિરત પ્રયાસો કર્યા કરે છે. સાધુ-ચોર, અમીર-ગરીબ, શિક્ષિત-અશિક્ષિત, સ્ત્રી-પુરુષ બધા જ પોતાની આ આઠ માનસિક વૃત્તિઓના શમન માટે વિવિધ પ્રકારના કર્મોના તાણાવાણા વણ્યા કરતા હોય છે. ત્રણ સૂક્ષ્મ આકાંક્ષાઓ પાંચ તત્ત્વોના આઠ પદાર્થો સાથે આઠ પ્રકારે પ્રગટ થતી દરેક વ્યકિત જોઈ શકે છે. પાપી હોય કે પુણ્યાત્મા આ કાર્યો સિવાય બીજો કોઈ કાર્યક્રમ પોતાની નજર સમક્ષ રાખતા નથી.

મધ્યમ માર્ગથી આ વૃત્તિઓને તૃપ્ત કરનાર આ સંસારમાં ધર્માત્મા કહેવાય છે. જે અતિ અભાવની નીતિ ગ્રહણ કરે છે એની ગણના પાપીઓમાં થાય છે. જે શરીરને નીરોગી રાખવા માટે સવારે ઊઠીને દાતણ-પાણી, સ્નાન ઈત્યાદિ કરીને વ્યાયામ કરે છે, મસ્તિષ્કને શીતળ રાખવા માટે ચંદન લગાવે છે. ગાળેલું પાણી પીએ છે, રોગનાશક તુલસીપત્રોનું સેવન કરે છે. ગંદા માણસોનું અડેલું ખાતો નથી, વ્રત-ઉપવાસ કરે છે એ ધર્માત્મા છે. સ્વાસ્થ્ય જાળવી રાખનાર આ રીતે પુણ્યાત્મા જ કહી શકાય કારણ કે મનુષ્યના અંતઃકરણમાં ભરાઈને બેઠેલી આરોગ્ય ભાવનાનું એ મધ્યમ માર્ગ દ્વારા પોષણ કરે છે. જે અભાવ કે અતિરેકનો માર્ગ અપનાવે એ પાપી કહેવાય છે સૂર્યોદય સુધી સૂઈ રહેનાર, સ્નાન વગેરેમાં બેદરકાર રહેનાર, અન્ન-જળની શુદ્ધતા પરત્વે ધ્યાન ન આપનાર, ઉપવાસ ન કરીને પેટને બગાડનાર પાપી છે કારણ કે એનામાં મધ્યમમાર્ગનો અભાવ છે. જે વ્યકિત આરોગ્યની બાબતમાં આંધળો છે, ભક્ષ્ય-અભક્ષ્યનો વિચાર કર્યા વગર જે મનમાં આવે તે ખાય છે અથવા તો ઘણાં જ વ્રત ઉપવાસ કરે છે, બીજાં બધાં કામો છોડીને માત્ર આરોગ્ય તરફ જ ધ્યાન આપે છે એ પણ પાપી છે કારણ કે એણે મધ્યમમાર્ગને છોડીને અતિરેકનો આશ્રય લીધો છે.

"જ્ઞાનવૃદ્ધિ" એ સ્વાભાવિક વૃત્તિ છે. જે વિદ્યા મેળવે છે, સ્વાધ્યાય કરે છે, સત્સંગ કરે છે, ગ્રંથ સાંભળે છે, તીર્થયાત્રા કરે છે, એ પુણ્યાત્મા છે. જો પોતાની બુદ્ધિને કુંઠિત રાખવાનું પણ લઈને અંધવિશ્વાસ અને કૂવામાંના દેડકાની જેમ ઓરડીમાં તાળું મારીને બેઠો છે એ પણ પાપી છે. એ જ રીતે જ્ઞાનની લાલસામાં અગમ્ય સ્થાનો પર જઈ અનુચિત તર્ક કરે છે, ન જાણવા જેવી ગુપ્ત અને દૂષિત વાતો જાણવાનો પ્રયત્ન કરે છે એ પાપી છે. આમ અભાવ અને અતિરેક બંને ત્યાગવા યોગ્ય છે.

દરેક સ્ત્રી-પુરુષ, બાળક-બાલિકાઓમાં 'સૌંદર્યપ્રિયતા' જોવા મળે છે. સ્વચ્છતા, સુઘડતા, સુસજ્જતા, આકર્ષણ તથા સૌંદર્યના પ્રદર્શનની ઇચ્છાને કોઈ પણ રીતે દબાવી શકાતી નથી. સંસારને મિથ્યા કહેનારા પણ ઈશ્વરની મૂર્તિઓને વિવિધ શૃંગાર સજાવટોથી સુસજ્જિત કરીને આંખોને તૃપ્ત કરે છે. ધાર્મિક કર્મકાંડોમાં દરેક કાર્ય સજાવટથી ભરપૂર હોય છે. સોળ સંસ્કારોમાંથી એક પણ સંસ્કાર એવો નથી જેમાં સંસ્કાર પામેલ વ્યકિતની, એ સ્થાનની, ત્યાંની વસ્તુઓની અનેક બહાના હેઠળ સજાવટ ન થતી હોય. રંગબેરંગી ચોક, કળશ, હળદર, ચૂનાનું મિશ્રણ, અક્ષત, આમ્રપત્ર, વસ્ત્ર વગેરેની સજાવટો ધાર્મિક કર્મકાંડોનું પ્રધાન અંગ બની ચૂકી છે. કલાપ્રેમી વ્યકિત, સ્વચ્છતા અને સાત્ત્વિક સજાવટથી રહેનાર વ્યકિત સમાજમાં આદર પામે છે. વેશભૂષાને જોતાં જ એની પરિસ્થિતિનો કયાસ કાઢી શકાય છે. ઘર, ઓરડો, લાદી, કપડાં, ટોપી જેવી વસ્તુઓ વ્યકિતનાં ચીવટ, સ્વચ્છતા અને સુઘડતાની નક્કર સાબિતી આપે છે. માટે જ કઢંગી વેશ-ભૂષાવાળા, અસ્તવ્યસ્ત સજાવટવાળાને ઘૃણાની નજરે જોવામાં આવે છે. જેઓ સજાવટમાં અતિરેક કરે છે, ફેશનમાં જ ડૂબ્યા રહે છે. યોગ્યતા અને વાસ્તવિકતાનું ઉલ્લંઘન કરવા વધારે પડતી ટાપ-ટીપ કર્યા કરે છે તેઓ પણ તિરસ્કૃત થાય છે કારણ કે અભાવની જેમ અતિરેક પણ વ્યકિતને પાપી બનાવે છે.

ધન ઉપાર્જન વિશે પહેલાં જ દર્શાવ્યું એમ કમાઉ પુત્રો બધાને સારા લાગે છે. એમની સર્વત્ર પ્રશંસા થાય છે. ફરજ બજાવનારની પ્રશંસા થવી પણ જોઈએ. ધન ન કમાનાર આળસુ અને ધન કમાવામાં જ રચ્યોપચ્યો રહેનાર લોભી કહેવાય છે કારણ કે બંનેએ મધ્યમમાર્ગને છોડીને અભાવનો કે અતિરેકનો આશ્રય લીધો છે.

કીર્તિ માટે મનુષ્ય પ્રાણ આપી દે છે. પોતાની પ્રશંસા સાંભળીને મનુષ્ય પુલકિત થઈ ઊઠે છે. લોકહિતનાં, આત્મસુખવર્ધક ધર્મકાર્યો કરવાથી પ્રતિષ્ઠા, આદર, સદ્‌ભાવ, આશીર્વાદ, પ્રોત્સાહન, પ્રશંસા, કીર્તિ પ્રાપ્ત થાય છે. આ ધર્મ મધ્યમ માર્ગ છે. બીજાની રુચિ, ઇચ્છા તથા આવશ્યકતાનું ધ્યાન રાખ્યા વગર અવિવેકપૂર્વક મનમાન્યું કર્યા કરવું અધર્મ છે કારણ કે જે સ્વાર્થી, એકાકી, હ્રદયહીન અને જડ હશે એ યશ-અપયશનું ધ્યાન રાખ્યા વગર કાર્ય કરશે. નીતિ ગ્રંથોમાં યશની ખૂબ જ પ્રશંસા કરવામાં આવા છે. યશસ્વીનું જીવન જ ખરું જીવન છે એમ દર્શાવવામાં આવ્યું છે. યશરહિતને નિર્જીવની ઉપમા આપવામાં આવી છે. શાસ્ત્રકારો કહે છે કે સુયશ સંપાદન કરીને યશની ઇચ્છાની આધ્યાત્મિક ભૂખ શમાવવી જોઈએ. પ્રીતિ-ભોજનમાં, મેળા-ઉત્સવોમાં અને શહેરોમાં રહેવાથી લોકોને માનવીઓના મિલનનું, સમાગમનું સુખ પ્રાપ્ત થાય છે, હૂંફ પ્રાપ્ત થાય છે, તેથી લોકોને એ પ્રિય હોય છે. શિયાળામાં વધુ કપડાં પહેરીને એ વસ્ત્રોની ગરમીનું સુખ પ્રાપ્ત થાય છે. એ જ રીતે જ્યાં વધુ માણસો રહે છે ત્યાં એમના શરીરમાંથી નીકળતા અનેક વિદ્યુત તરંગોથી મન પ્રસન્ન થાય છે. યશ દ્વારા પણ આવા જ આધ્યાત્મિક તરંગો પ્રાપ્ત થાય છે. પ્રશંસકો પોતાની શુભેચ્છાઓ અને સદ્‌ભાવનાઓ પ્રવાહિત કરે છે. એ બધી એકત્ર થઈને યશસ્વી વ્યક્તિની આસપાસ વીંટળાઈ વળે છે અને ગરમ કપડાંની જેમ, મિત્રવર્તુળની જેમ અદૃશ્ય રીતે આધ્યાત્મિક સુખ પહોંચાડે છે. અપયશની સાથે લોકોનાં રોષ, ઘૃણા, વિરોધ અને દુર્ભાવ ભેગાં મળીને

એ વ્યકિત ઉપર આક્રમણ કરે છે અને એના અંતઃકરણને વ્યથિત કરી દે છે. જે વ્યકિતને નિંદા અને અપયશ વીંટળાયેલાં રહે છે તેઓ અત્યંત દુઃખી, ચિંતિત, ઉદાસ અને અશાંત જીવન વ્યતીત કરે છે. શરમનું માર્યું એમનું મન હંમેશાં દબાયેલું રહે છે.

કયાંક કયાંક કીર્તિની ઇચ્છા અશુભ ગણાઈ છે અને યશની આકાંક્ષાને ત્યજી દેવાનું કહેવાયું છે. ત્યાં 'અતિ'નો વિરોધ છે. સુકર્મ કરીને પ્રશંસા પ્રાપ્ત કરવાના મધ્યમ માર્ગને ઉલ્લંઘીને જ્યારે મનુષ્ય કોઈ પણ પ્રકારે બીજાના મોંથી પોતાની ચર્ચા સાંભળવા માટે લાલચ રાખે છે ત્યારે તે સારાનરસાનો વિચાર છોડી દે છે. બદનામ થયા તો શું પ્રખ્યાત નહિ થવાયની નીતિ અપનાવી લેવી યશની અતિ ઇચ્છાનું પરિણામ છે. જૂઠા, શેખીખોર તથા ઢોંગી મનુષ્ય પોતાની યશની ઇચ્છાને અત્યંત વધી જવા દે છે અને તેની પૂર્તિ માટે અનેક પ્રકારના ઉચ્છૃંખલ, ઉદ્દંડ, અતિ સાહસી લોક ભારે જોખમ ઉઠાવે છે, નીતિ-અનીતિના વિચાર છોડી દે છે અને એવાં અસામાન્ય કામ કરે છે જેનાથી તેમની ચર્ચા ચારે બાજુ થવા લાગે. મને ભૂત આવે છે, મને ભગવાનનાં દર્શન થયાં, મેં અમુક અમુક સાહસિક કાર્યો કર્યાં વગેરે મનમાં ઉપજાવી કાઢેલ વાતો કહીને અમુક વ્યકિત પોતાની વિશેષતા પ્રકાશિત કરે છે અને તે કારણે થતી જનચર્ચાથી પોતાની યશની ઇચ્છાને તૃપ્ત કરે છે. બીજા સ્વતંત્ર પુસ્તકમાં હું એ બતાવવાનો પ્રયત્ન કરીશ કે યશની વિકૃત ઇચ્છાના રૂપમાં લોકો વિવિધ પ્રકારની બીમારીઓ અને ખરાબ ટેવો પણ કેવી રીતે ધારણ કરી લે છે. યશ પ્રાપ્ત કરવો આવશ્યક છે કારણ કે તેથી આધ્યાત્મિક લાભ થાય છે, પરંતુ તેનો 'અભાવ' અને 'અતિ' બન્ને હાનિકારક હોવાથી અધર્મ કહેવાય છે.

સમૂહ બનાવવો, હળીમળીને રહેવું. સંગઠન કરવાની ઇચ્છાએ જ

મનુષ્યને સામાજિક પ્રાણી બનાવ્યો છે. કુટુંબ, જાતિ, ગોત્ર, ધર્મ, સંપ્રદાય, રાષ્ટ્ર વિગેરેનું નિર્માણ આ જ ઇચ્છાએ કરાવેલ છે. અનેક સભાઓ, પાર્ટી, સંગઠન, પરિવાર, સત્સંગ ગોષ્ટિ, ટોળી, યુનિટો, અખાડા, દળ, કલબ વગેરે આપણે આપણી ચારે બાજુ ગુપ્ત તથા પ્રગટ રૂપમાં ફેલાયેલ જોઈએ છીએ. આ બધાના મૂળમાં મનુષ્યની એક જ ભૂખ કામ કરી રહી છે કે અમે વધારે લોકોની સાથે જૂથ બનાવીને રહીએ. ઉપર કીર્તિની ચર્ચા કરતી વખતે જણાવેલ છે કે મનુષ્યોનાં શરીરોમાંથી નીકળતા વિદ્યુતપ્રવાહોની ગરમીથી જીવને બળ પ્રાપ્ત થાય છે. તેથી તેને એકલા રહેવું ખરાબ લાગે છે અને ઘણા લોકોની વચ્ચે રહેવાથી પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. આ સંબંધમાં એક વાત એ પણ જાણી લેવાની છે કે રુચિનું આકર્ષણ સમાનતામાં જ વિશેષ રૂપથી રહે છે. મનુષ્યના આચારવિચાર જેવા હોય તેના જેવા જ લોકોની સાથે જ તે સંબંધ બાંધે છે "ચોરના ભાઈ ઘંટી ચોર" બની જાય છે. નશાખોરોની ઉક્તિ છે કે "દમ ભાઈ તે નિજ ભાઈ." તે પ્રકારે સારા, ખરાબ, ચોર, સાધુ, બાળક, વૃદ્ધ, દરેક પ્રકારના મનુષ્યો પોતાના જેવા લોકોનું સંગઠન કરે છે. આ સંગઠનથી અનેકગણા લાભ છે. જુદા જુદા મનુષ્યો થોડું થોડું લાકડું લાવી તેને અલગ અલગ સળગાવી તાપે તો ઘણો ખર્ચ કરવા છતાં થોડોક જ લાભ થાય, પરંતુ જો તે બધા પોતાનાં લાકડાં એકઠાં કરી એક જ સ્થાન પર ભેગાં કરીને સળગાવે તો આગ ઘણી તીવ્ર સળગે અને બધાની ટાઢ ઊડી જાય. સંગઠનમાં આવી જ મહત્ત્વપૂર્ણ વિશેષતા હોવાને કારણે લોકો પોતાના સમાન વિચારના લોકો સાથે રહેવાનું યોગ્ય સમજે છે. તેથી આ ધર્મ છે. દરેક સંપ્રદાયનું કહેવું છે કે અમારા ધર્મમાં સામેલ થવાથી મુક્તિ, સ્વર્ગ, જન્નત, બહિસ્ત કે હેવનની પ્રાપ્તિ થશે. ધર્માચાર્યોનો એ પ્રયત્ન રહે છે કે તેમના સંપ્રદાયમાં વધારે લોકો સામેલ થાય. તે પોતાના સંપ્રદાયની દીક્ષા લેનાર વ્યક્તિને ધર્માત્મા ઘોષિત કરે છે કારણ એ જ છે કે

એકસમાન વિચારના લોકોનું એક સંબંધ સૂત્રમાં બંધાઈને રહેવું એકબીજા માટે ઘણું જ લાભદાયક છે. જે બધાથી અલગ રહે છે, બીજાઓ જોડે ઓછો સંબંધ રાખે છે તેને લોકો અજ્ઞાની, સ્વાર્થી, હૃદયહીન તથા નિષ્ઠુર કહે છે અને જે સમૂહમાં અત્યંત લિપ્ત થઈને કોઈ વ્યક્તિઓ સાથે ઘણી મમતા જોડી લે છે તેને મોહગ્રસ્ત, માયાબંધિત કહે છે. આપણે સમૂહબદ્ધ રહેવું જોઈએ, સદ્‌વિચારવાળાઓએ સમાન વ્યક્તિઓ સાથે સંબંધ રાખવો જોઈએ. આ ધર્મ છે. 'અતિ' અને 'અભાવ'ની દશામાં માનવી સ્વાર્થી અથવા મોહગ્રસ્ત કહેવાય છે જે અધર્મનું જ બીજું નામ છે.

એક પૂર્ણ માનવની રચનાના ઈશ્વરે બે ભાગ કરી દીધા છે. ચણાની બે દાળ મળીને એક ચણો બને છે. આજ પ્રકારે સ્ત્રી અને પુરુષ મળીને પૂર્ણ માનવ બને છે. ફક્ત શારીરિક વિકાસ જ નહિ, પરંતુ માનસિક વિકાસની ગતિ પણ દાંપત્ય જીવનથી વધે છે. ધર્મ-વિવેચનના આ પુસ્તકમાં શરીરરચના અને કામવિજ્ઞાનની એ આંટીઘૂંટીઓનું વર્ણન કરવાનું સ્થાન નથી જેના આધારે વૈજ્ઞાનિક દૃષ્ટિથી એમ સિદ્ધ કરી શકાય છે કે સ્ત્રી અને પુરુષ એકબીજા વગર સાવ અધૂરાં રહે છે. બાલકબાલિકાઓ પોતાના માતાપિતા, ભાઈબહેનો પાસેથી આ રસ ખેંચે છે. જે છોકરીઓને નાના છોકરાઓ સાથે રમવાનો, પિતા, કાકા, મોટા કાકા આદિ પાસે રહેવાનો અવસર મળતો નથી તે અનેક દૃષ્ટિથી નિર્બળ રહી જાય છે. આજ રીતે જે છોકરા માતા, બહેન, કાકી, દાદી, ફોઈ વગરેના સંપર્કથી વંચિત રહે છે તેમનામાં પણ ઘણી મોટી ખામીઓ રહી જાય છે. સરકારી વસતી ગણત્રીના રિપોર્ટ જોવાથી માલૂમ પડે છે કે પરણેલાઓ કરતાં વિધવા અને વિધુરોની મૃત્યુસંખ્યા ઘણી વધારે હોય છે. અહીં સાધુમહાત્માઓના કેટલાક અપવાદોની હું ચર્ચા નહિ કરું કેમ કે તેઓ તો એકાકી રહેવા છતાં અન્ય ઉપાયોથી ક્ષતિની ગમે તે રીતે પૂર્તિ કરી લે છે, પણ એવું

બધા લોકો માટે શકય નથી. લગ્નને પવિત્ર ધાર્મિક સંસ્કાર માનવામાં આવેલ છે. પુત્રનાં લગ્ન કરી દેવાને પિતા પોતાનું ધર્મકર્તવ્ય સમજે છે. કન્યાદાનના ફળથી કન્યાનો પિતા સ્વર્ગપ્રાપ્તિની આશા કરે છે કારણ એ છે કે દામ્પત્યજીવન વિતાવવું મનુષ્યની સ્વાભાવિક, ઈશ્વરપ્રદત્ત આવશ્યકતા છે. તેની પૂર્તિ કરવી ધર્મકર્તવ્ય ગણાવું જ જોઈએ. તરુણ એકાકી સ્ત્રી-પુરુષોને સંદેહની દૃષ્ટિથી જોવામાં આવે છે. વિધવાઓ અને વિધુરોને સ્વાભાવિક રીતે ગૃહસ્થજીવન ગાળનારાઓ કરતાં થોડાક તિરસ્કૃત ગણવામાં આવે છે, તેમને ભાગ્યહીન માનવામાં આવે છે. શહેરોમાં કોઈ મોટા ઘરમાં એક હિસ્સો ભાડે લેવા માટે વિધુર લોક કોશિશ કરે છે પણ તેમને ઘણીવાર સફળતા મળતી નથી કેમકે સદ્‌ગૃહસ્થોની વચ્ચે વિધુર તો એક અવિશ્વાસુ, નીચી શ્રેણીનો જીવ મનાય છે. સધવા સ્ત્રીઓ બહારના લોકો સાથે વાર્તાલાપ કરી શકે છે, શૃંગાર કરી શકે છે, પરંતુ વિધવા માટે તેમ કરવું સંદેહયુકત માનવામાં આવશે, કેમકે અવિવાહિત રહેવું મનુષ્યની સ્વાભાવિક ઈશ્વરપ્રદત્ત દૃષ્ટિ અનુસાર અનિચ્છનીય છે. આ અભાવજન્ય અધર્મ છે. હવે અતિજન્ય અધર્મને લઈએ. વ્યભિચારી, કુકર્મી, અપ્રાકૃતિક કર્મ કરનારા, ન જવા જેવી જગ્યાએ જનારા, જે અનુચિત ઉચિતનો ભેદ ત્યાગીને લગ્નક્ષુધાની અતિશય તૃપ્તિ કરવા પ્રવૃત્ત રહે છે તેઓ પણ પાપી કહેવાય છે.

આત્મગૌરવની વૃદ્ધિ ઇચ્છવાની ભાવના સર્વત્ર જોવામાં આવે છે. નેતા, મુખી, ગુરુ, શાસક, વ્યવસ્થાપક, અધિકારી, પદવીધારી, જીવનમુકત, સિદ્ધ, વૈજ્ઞાનિક, વિદ્વાન, દાર્શનિક, શોધક કે સંચાલક બનવાની ઇચ્છાઓ માનસિક ભૂમિકાને આંદોલિત કરતી રહે છે. ચરિત્રવાન, ધર્મનિષ્ઠ, સદાચારી, સદગુણી, કર્તવ્યપરાયણ વ્યકિતઓમાં સ્વાભિમાનની ભાવના પ્રમુખ હોય છે. તેઓ આત્મગૌરવનો અનુભવ કરે છે અને તેને એવી સુંદર રીતે સંસાર સામે મૂકે છે કે અન્ય લોકો પણ તેમના વ્યકિતત્વનો આદર કરે. નીચી શ્રેણીના લોકો કપડાં, ઘરેણાં, ધન, વાહનસવારી, પદવી

વગેરે દ્વારા પોતાની મહત્તા, પ્રગટ કરે છે અને ઊંચી શ્રેણીના વિચારવાળા લોકો સદ્ગુણોથી પોતાના 'સ્વ'નું પ્રદર્શન કરે છે. "આત્માનું વૃદ્ધિ પામેલ ગૌરવ અનુભવવું" સમગ્ર યોગસાધનાનું દૃષ્ટિબિન્દુ છે. આત્માને પરમાત્મામાં મેળવી દેવો, મુકિતલાભ પામવો, આ શબ્દોની અંદર આત્મગૌરવની વૃદ્ધિ કરવાની ભાવના જ રમી રહેલ છે. સ્વાભિમાનની, આત્મસન્માનની આકાંક્ષા અતિ ઉન્નત, વિકાસવાન મનુષ્યોમાં અધિક સ્પષ્ટ જોવામાં આવે છે કેમકે તે ઇચ્છા ઉચ્ચ આધ્યાત્મિક સતોગુણી ભૂમિકામાં ઉત્પન્ન થાય છે. આત્મગૌરવની પ્રાપ્તિ મનુષ્યની આધ્યાત્મિક ભૂખ છે. જે એની સાધનામાં પ્રવૃત્ત છે તે ધર્માત્મા કહેવાય છે, પરંતુ જેણે આત્મસન્માન નષ્ટ કરીને દીનતા, દાસતા, પશુતાને અપનાવી છે તે પાપી છે. આ જ રીતે તે પણ પાપી છે કે જે ખોટા આત્મગૌરવમાં પ્રવૃત્ત છે. આવા મનુષ્યોને અહંકારી, ઘમંડી, અકડુ, ખરાબ સ્વભાવના કહીને અપમાનિત કરવામાં આવે છે.

મનુષ્યે મનુષ્ય બનવું જોઈએ. માણસાઈ, અનુકંપા, મનુષ્યત્વ એ સ્વર્ગનાં સોપાન છે જેના માટે દેવો પણ આતુર રહે છે. આ મધ્યમ માર્ગને અપનાવનાર દેવ સ્વભાવના મનુષ્યો કર્તવ્યપરાયણ અને ધર્માત્મા કહેવાય છે. માનવતા ધર્મ છે. તેના અભાવને હેવાનિયત અને અતિને શેતાનિયત કહે છે. જે વ્યકિત પોતાની સ્વાભાવિક, ઈશ્વરદત્ત ઇચ્છાઓને કચડીને દીનતાપૂર્વક અભાવગ્રસ્ત જીવન જીવે છે તે આત્મઘાતી પશુતાને અપનાવનાર અધર્મી છે. આ જ રીતે એ મનુષ્ય પણ અધર્મી છે કે જે ઇચ્છાઓની અતિ પૂર્તિ માટે વ્યાકુળ થઈ મર્યાદાને છોડી બેસે છે. બીજાની પરવા કર્યા વગર અત્યંત તીવ્ર વેગથી ઈચ્છાઓને પૂર્ણ કરવા માટે તોફાની ગતિથી દોડનારને એ પરપીડક શેતાનિયતને ગ્રહણ કરનારને અધર્મી સિવાય બીજું શું કહેવાય ? અતિમાં પાપ છે અને અભાવમાં પણ પાપ છે. અત્યંત ધીરે ચાલનારો પાછળ રહી જાય છે અને અત્યંત દોડનાર થાકીને લોથપોથ થઈ જાય

છે. તેથી તમે મધ્યમમાર્ગને ગ્રહણ કરો. દીનતાપૂર્વક અકર્મણ્યતાના અજ્ઞાનમાં પડીને અભાવગ્રસ્ત જીવન જીવવું છોડી દો. ચાલો, ઊઠો, મનુષ્યોની માફક ગૌરવ અને સુખશાન્તિનું જીવન જીવો. પરમાત્માએ તમને જે ભૂખ આપી છે તે તમારી ઉન્નતિમાં સહાયતા માટે છે. તેને પૂર્ણ કરવા માટે વિવેકપૂર્વક પોતાનો કાર્યક્રમ નક્કી કરો. સંસાર બધા પ્રકારની સુવિધાજનક સામગ્રીઓથી ભરપૂર છે. તો પછી તમારે શા માટે મલીન, ઉદાસ, અભાવગ્રસ્ત તથા દીનતાપૂર્વક જીવન જીવવું જોઈએ ? ઊઠો, મધ્યમમાર્ગને અપનાવો અને મનુષ્યોના જેવું સુવ્યવસ્થિત જીવન જીવો, પણ સાવધાન રહો કે ક્યાંક તમારી ઇચ્છાઓ અમર્યાદિત થઈને શેતાનિયત તરફ ઢળી ન જાય. તમે જીવનને વિકસિત કરો, પરંતુ તેને શેતાનિયત સુધી વધવા ન દો. મનુષ્યનો ધર્મ છે તેથી આ જ અમૃતમય મધ્યમમાર્ગ પર આરૂઢ થઈને પોતાની મંગલમય જીવનયાત્રાને આગળ વધવા દો.

## ધર્મનો મર્મ

સૃષ્ટિનું નિર્માણ થયા પછી જીવોમાં જ્યારે ચેતનાશક્તિ ઉત્પન્ન થઈ અને તેઓ કાંઈક કર્તવ્ય-અકર્તવ્યના સંબંધમાં વિચારવા લાગ્યા ત્યારે તેમની સામે અધર્મનો પ્રશ્ન ઉપસ્થિત થયો. તે વખતે ભાષા અને લિપિનું સુવ્યવસ્થિત પ્રચલન ન હતું અને કોઈ ધર્મપુસ્તક પણ હાજર ન હતું. શિક્ષણ આપનારા ધર્મગુરુ પણ દેખાતા નહોતા. આવી દશામાં પોતાની અંદરથી પથપ્રદર્શન કરનારી આધ્યાત્મિક પ્રેરણા જાગૃત થતી હતી. મનુષ્યો તે પ્રમાણે આચરણ કરતા હતા. "વેદ અનાદિ, ઈશ્વરકૃત છે" તેનો અર્થ એમ છે કે ધર્મનો આદિ સ્ત્રોત મનુષ્યો દ્વારા નિર્મિત નથી પણ સૃષ્ટિની સાથે જ અંતરાત્મા દ્વારા ઈશ્વરે તેને માનવજાતિ માટે મોકલેલ હતો. વેદની ભાષા કે મંત્રરચના ઈશ્વરનિર્મિત છે તે માન્યતા સાચી નથી. વાસ્તવિકતા એ છે કે પ્રબુદ્ધ

આત્માઓવાળા ઋષિઓના અંતઃકરણમાં ઈશ્વરીય સંદેશ આવ્યા અને તેમણે તે સંદેશોની મંત્રની માફક રચના કરી દીધી. મોટા ભાગે બધા જ ધર્મોની એ માન્યતા છે કે "તેમનો ધર્મ અનાદિ છે, પયગંબરો અને અવતારોએ તો તેનો માત્ર પુનરુદ્ધાર કર્યો છે."

તત્ત્વતઃ બધા જ ધર્મો અનાદિ છે, અર્થાત્ એક જ અનાદિ ધર્મની શાખાઓ છે. તેનું પોષણ જે તત્ત્વથી થાય છે તે 'સત્' તત્ત્વ છે. જે 'સત્' પર અવલંબિત છે તે જ ધર્મો સાચા ગણી શકાય. અસત્ તો વંચનામાત્ર છે, તે અલ્પસ્થાયી હોય છે અને બહુ જલદીથી નષ્ટ થઈ જાય છે. કોઈ પણ સંપ્રદાય એમ કહેવાનું સાહસ કરી શકતો નથી કે તેમનો ધર્મ 'સત્' પર અવલંબિત નથી. તેથી આ વાત સ્વીકારવી જ પડશે કે એક જ અનાદિ સત્યનો આશ્રય લઈને અનેક ધર્મ-સંપ્રદાય ઉત્પન્ન થયા છે. આ આદિ સત્ય આપણા અંતરાત્મામાં ઈશ્વર દ્વારા સારી રીતે ઉતારી દેવામાં આવેલ છે. ન્યાયબુદ્ધિનો આશ્રય લઈને જ્યારે આપણે કર્તવ્ય-અકર્તવ્યનો નિર્ણય કરવા ઇચ્છીએ છીએ ત્યારે અંતરાત્મા તેનો યોગ્ય નિર્ણય કરી આપે છે. વિભિન્ન સંપ્રદાયોના પોતપોતાના સ્વતંત્ર ધર્મગ્રંથો છે. વેદ, કુરાન, બાઈબલ, ઝંદ-અવસ્તા, ધમ્મપદ વગેરે અસંખ્ય ધર્મશાસ્ત્રોમાં તે જ મહાન 'સત્'ની વ્યાખ્યા કરવામાં આવેલ છે. પોતપોતાની શકિત અનુસાર આ મહાન શાસ્ત્રોએ સત્‌ની વ્યાખ્યા કરેલ છે તેમ છતાં તેમને સંતોષ થયો નહિ અને પોતાના કથનની અપૂર્ણતાનો સ્વીકાર કરીને 'નેતિ' 'નેતિ' જ કહેતા રહ્યા. બધા ધર્મોમાં નવા સુધારક થતા રહ્યા અને તેમણે જૂની વ્યાખ્યાને દોષપૂર્ણ બતાવીને પોતાની રુચિ અનુસાર સુધારા કર્યા. આ સુધારકોનું કથન હતું કે ઈશ્વરે તેમને તેવો જ સુધારો કરવા માટે મોકલેલ છે. આ સુધારકોમાં પણ સુધારો કરનારા થતા રહ્યા છે અને તે બધા પણ ધર્માચાર્ય જ હતા. સત્ય એક છે, છતાં તેનો પ્રયોગ કરવાની વિધિઓ બદલાતી રહે છે. ઋતુપ્રભાવોથી શરીરનું રક્ષણ કરવું જોઈએ આ એક સચ્ચાઈ પર તેનું

વ્યાવહારિક રૂપ સમય સમય પર બદલાતું રહે છે. ઠંડીના દિવસોમાં જે કપડાંની આવશ્યકતા હતી તેનો ગરમીના દિવસોમાં કોઈ ઉપયોગ હોતો નથી. તેથી પોશાકમાં પરિવર્તન કરવું જરૂરી છે. એ આક્ષેપ કરવો યોગ્ય નથી કે પેગંબરોએ પોતાની વાતને ઈશ્વરની વાણી કેમ કહી ? જો તેમનો સંદેશ જ ઈશ્વરની વાણી હતો તો અનેક ધર્મોના પેગંબરોમાં મતભેદ કેમ જણાય છે ? તેઓમાંથી એકને સાચો માનવામાં આવે તો બાકીના બધા જૂઠા ઠરે છે. સાચી વાત એમ છે કે બધા પેગંબરોની વાણીમાં ઈશ્વરીય સંદેશ હતો. તેઓએ જે કાંઈ કહ્યું તે અંતરાત્માના અવાજના આધાર પર, ઈશ્વરની આકાશવાણીના સંકેત પર કહ્યું. સમયાનુસાર પ્રથાઓ બદલાય છે જેમકે ઋતુઓ અનુસાર પોશાક બદલાય છે. એક વ્યકિત ડિસેમ્બર માસમાં એવો ઉપદેશ આપે કે ઊનનો કોટ અને સ્વેટર પહેરો તો તેનો આ ઉપદેશ સત્યથી, ધર્મતત્ત્વથી પરિપૂર્ણ છે, પરંતુ જો બીજો વ્યકિત જૂન માસમાં એમ કહે કે હવે ઊનના કોટની, રૂના ડગલાની કાંઈ જરૂર નથી બલ્કે પાતળાં કપડાં પહેરવાં જોઈએ, તો તે પણ જૂઠો નથી.

કેટલીકવાર સાંપ્રદાયિક અને સામાજિક રીતરિવાજો અને અન્ય માન્યતાઓના સંબંધમાં તમારી સમક્ષ ખૂબ આંટીઘૂંટીવાળો ગૂંચવાડો ઉપસ્થિત થઈ શકે છે. વિભિન્ન ધર્મોના પૂજનીય અવતાર અને ધર્મગ્રંથ એકબીજાથી વિપરીત ઉપદેશ આપતા હોય, એ દશામાં બહુ મતિભ્રમ થાય છે કે શું માનવું અને શું ના માનવું. આ ગૂંચવાડો ઉકેલવા માટે તમારે આ વાત હૃદયંગમ કરી લેવી જોઈએ કે અવતારોનું આગમન અને ધર્મગ્રંથોનું નિર્માણ સમયની આવશ્યકતાને પૂરી કરવા માટે હોય છે. કોઈ જૂના નિયમ જ્યારે સમયથી પાછળના રહી જવાને કારણે અનુપયોગી થઈ જાય છે, તો તેમાં સુધારો કરવા માટે નવા નવા સુધારક, નવા અવતાર પ્રગટ થાય છે. દેશ, કાળ અને વ્યકિતઓની ભિન્નતાને કારણે તેમના ઉપદેશ પણ અલગ અલગ હોય છે. દેશ, કાળ

અને પાત્રતા અનુસાર વેદ એકમાંથી ચાર થયા. કુરાનમાં સંશોધન થયું અને બાઈબલ તો અનેક અવતારોની ઉકિતઓનો સંગ્રહ જ છે. જ્યારે વૈદિક બ્રહ્મોપાસના આવશ્યકતાથી વધારે વધી ગઈ ત્યારે ભૌતિકવાદી વામ માર્ગની જરૂર ઊભી થઈ. જ્યારે વામમાર્ગી હિંસા ખૂબ વધી ગઈ ત્યારે ભગવાન બુદ્ધે અહિંસાનો માર્ગ ચલાવ્યો. જ્યારે અહિંસાનું રોડું માનવજીવનમાં અવરોધ ઉત્પન્ન કરવા લાગ્યું ત્યારે શંકરાચાર્યે તેનું ખંડન કરીને વેદાંતનું પ્રતિપાદન કર્યું, આ રીતે સમસ્ત વિશ્વમાં ધાર્મિક અને સામાજિક ફેરફાર થતા રહ્યા છે. સાંપ્રદાયિક નિયમો અને વ્યવસ્થાઓનું અસ્તિત્વ સમયાનુસાર પરિવર્તનની ધરી પર ફરી રહેલ છે. દેશ, કાળ અને પાત્રના ભેદથી તેમાં પરિવર્તન થાય છે અને થવું જોઈએ. એક નિયમ એક સમય માટે ઉત્તમ હોય પણ કાલાંતરે હાનિપ્રદ પણ થઈ શકે છે. ગરમીની રાતોમાં લોકો ઉઘાડા શરીર સૂવે છે, પણ તે જ નિયમ ઠંડીની રાતોમાં પાલન કરવાથી તેનું બહુ ઘાતક પરિણામ આવે.

સંસારના અનેક ધર્મોના આદેશો પર નજર કરો. તેમના સિદ્ધાંત અને આદેશો પર દૃષ્ટિપાત કરીએ તો તે ઘણી વાતોમાં એકબીજાથી વિપરીત જતા પ્રતીત થાય છે. તેઓમાં વિરોધાભાસ પણ દેખાય છે, પરંતુ વાસ્તવમાં ભ્રમમાં પડવાની કંઈ જરૂર નથી. આંધળાઓએ એકવાર એક હાથીને અડકીને જોયો અને તેઓ એનું વર્ણન કરવા લાગ્યા. જે પગને અડકયો હતો તેણે હાથીને થાંભલા જેવો, જે પૂંછડાને અડકયો હતો તેણે હાથીને દોરડા જેવો, જે કાનને અડકયો હતો તેણે હાથીને પંખા જેવો, જે પેટને અડકયો હતો તેણે હાથીને દીવાલ જેવો બતાવ્યો. વાસ્તવમાં તે બધા સત્યવકતા છે કેમકે પોતાના જ્ઞાન અનુસાર બધા સાચું કહી રહ્યા હતા. તેમનાં કથન તેમની પરિસ્થિતિ અનુસાર સાચાં છે, પરંતુ તેને પૂર્ણ ન માની શકાય. દેશ, કાળ અને પાત્રની ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને અવતારી આત્માઓએ વિભિન્ન સમયે

વિભિન્ન ધર્મોનો ઉપદેશ આપેલ છે. ભગવાન મહાવીરને એક માંસભક્ષી નિષાદ મળ્યો. તેમણે તેને માંસભોજન ત્યાગી દેવા બહુ જ સમજાવ્યો, પણ તેના પર કંઈ પણ અસર થઈ નહિ. ત્યારે તેમણે વિચાર્યું કે તેની મનોભૂમિ એટલી નિર્મળ નથી કે જે પોતાના અનંતકાળના સંસ્કારોને એકદમ છોડી દે, તેથી તેમણે તેને ધીરેધીરે આગળ વધવાનો ઉપદેશ આપવો ઉચિત માન્યો. ચિંતન કર્યા પછી ભગવાન મહાવીરે તે નિષાદને કહ્યું, "સારું ભાઈ, તું ફકત કાગડાનું માંસ ખાવાનું છોડી દે, એ પણ મોટો ધર્મ છે." નિષાદ તે માટે તૈયાર થઈ ગયો કારણ કે કાગડાનું માંસ ખાવાનો તેને અવસર જ આવતો નહોતો. જ્યારે તેનો ત્યાગ કરવાનો સંકલ્પ કરી લીધો તો તેના મનમાં ધર્મભાવના જાગૃત થઈ અને ધીરે ધીરે બીજા ત્યાગોને અપનાવતાં અપનાવતાં થોડા દિવસો પછી મોટો ધર્માત્મા, અહિંસાનો પૂજારી અને મહાવીરનો મુખ્ય શિષ્ય બની ગયો. અવતારી મહાપુરુષો જે જમાનામાં થયા છે તેમણે તેમના સમયની પરિસ્થિતિ, દેશ, કાળ તથા પાત્રનું બહુ જ ધ્યાન રાખેલ છે. અરબસ્તાનમાં જે વખતે હઝરત મુહમ્મદ સાહેબ થયા તે વખતે ત્યાંના લોકો અનેક સ્ત્રીઓ રાખતા, તેને ચાહે ત્યારે રાખતા અને ચાહે ત્યારે કાઢી મૂકતા, જ્યારે સંતાનો વધતાં અને તેમનું પાલનપોષણ કરી શકતા નહિ તો નિર્દયતાપૂર્વક બાળકોને મારી નાખીને ફેંકી દેતા તથા ઉપયોગી અને અનુપયોગી પશુઓની આડેધડ હત્યા કરતા. તેમને ધીરે ધીરે સુધારવા માટે હઝરતે ચાર સ્ત્રીઓ રાખવાનો, બાળકોને નહિ મારવાનો તથા ઓછા પ્રમાણમાં જીવહત્યા કરવાનો બોધ આપ્યો. સમય વીતતાં આજે હવે એક વ્યકિતને ચાર સ્ત્રીઓ રાખવાની આવશ્યકતા નથી. આજે એ ઉપદેશ અયોગ્ય અને બિનજરૂરી છે, પણ તેના મૂળમાં છુપાયેલ સત્ય જેમનું તેમ છે "પોતાની આવશ્યકતાઓને ઘટાડો, ભોગોને ઓછા કરો." પ્રેમનો આ સંદેશ તે બોધના મૂળમાં હતો અને આ સંદેશ કરોડો વર્ષો પછી પણ બદલાય નહિ.

તમે ગંભીરતાપૂર્વક ધર્મતત્ત્વ પર દૃષ્ટિપાત કરો અને ધર્મની તે નિયમ વ્યવસ્થાઓમાં કઈ પવિત્ર અને શાશ્વત ભાવના કામ કરી રહી છે તેને શોધી કાઢો. સત્ય શાશ્વત છે અને કાયદા, કાનૂન, વિચાર, વ્યવસ્થા પરિવર્તનશીલ છે. આ ધ્રુવ સત્યને હૃદયંગમ કરતાં જ ધર્મોનો પરસ્પર વિરોધ, વૈમનસ્ય દૂર થઈ જાય છે તથા ધર્મ સત્ય છે અને એક જ પાયા પર રચાયેલ છે તે દૃષ્ટિગોચર થવા લાગે છે.

તમે જે સંપ્રદાય સાથે નિકટનો સંપર્ક રાખો છો તેનું સૂક્ષ્મ દૃષ્ટિથી નિષ્પક્ષ પરીક્ષકની માફક, સાચા આલોચકની જેમ નિરીક્ષણ કરો. નિઃસંદેહ તેમાં ઘણી વાતો બહુ જ ઉત્તમ હશે કારણ કે દરેક સંપ્રદાય સત્યનો આધાર લઈને ઊભો થયેલ છે. તેમાં કંઈક સારાપણું અવશ્ય હોવું જ જોઈએ, પરંતુ તે પણ નક્કી છે કે સમયની પ્રગતિ સાથે તેમાં કાંઈકને કાંઈક નિરુપયોગિતા પણ અવશ્ય આવી હશે. જો તે નિરુપયોગિતાને પણ મોહવશ છાતીએ વળગાડી રાખશો તો તમે પોતાનું ઘણું મોટું અહિત કરશો. બે દિવસ અગાઉ જે ભોજન તૈયાર કરવામાં આવેલ હતું તે બહુ જ પવિત્ર, ઉત્તમ, સ્વાસ્થ્યકારક હતું, પણ બે દિવસ જૂનું થઈ જવાના કારણે આજે તે વાસી થઈ ગયું. તેમાંથી દુર્ગંધ આવવા લાગી, તે સ્વાદ વગરનું અને હાનિકારક થઈ ગયું. તે વાસી ભોજનને જો મોહવશ ગ્રહણ કરશો તો રોગના ભોગ બનશો. સાંપ્રદાયિક બિનઉપયોગી રીતરિવાજોની પરીક્ષા કરો અને તેનો એવી રીતે ત્યાગ કરો કે જેમ મરેલા કૂતરાની લાશને ફેંકી દેવામાં આવે છે. ગઈ કાલ ચાલી ગઈ. પોતાની ઘણી આવશ્યકતા-અનાવશ્યકતાઓને તે પોતાની સાથે લઈ ગઈ. આજે તો આજની સમસ્યાઓ પર વિચાર કરવાનો છે. આજ માટે ઉપયોગી નવી વ્યવસ્થાનું નિર્માણ કરવાનું છે. એક સમયે એક રિવાજ ઉત્તમ હતો. ફક્ત તે કારણે તે સદા માટે ઉત્તમ રહેશે. એ કોઈ તર્ક નથી. સંભવિત છે કે કોઈક સમયે "નરમેધ યજ્ઞ" થતા હોય, પરંતુ આજે તે કોઈ કરશે ખરું ? આદિકાળમાં મનુષ્યના

પૂર્વજો દિગંબર રહેતા હતા, પણ આજે તો બધાને કપડાં પહેરવાં પડે છે. પહેલાં લોખંડ અને પથ્થરથી આગ પેદા કરવામાં આવતી હતી તેટલા ખાતર આજે કોઈ દિવાસળીનો બહિષ્કાર કરતા નથી. અમુક નગરથી અમુક નગર સુધી પહેલાં પાકી સડક નહોતી પણ આજે બની ગઈ છે તો તેના પર ચાલવું શું પાપ થોડું કહેવાશે ? તમે બુદ્ધિ વેચીને ગઈ કાલની દરેક વાતમાં અંધવિશ્વાસ ન રાખો, નહિ તો પોતાના જીવનને દારુણ દુઃખોમાં ફસાવી દેશો. બંધિયાર ખાબોચિયાનું પાણી સડી જાય છે. કયાંક એમ ન થાય કે રૂઢિઓના જડ ખાબોચિયામાં બંધ પડી રહેલ તમારી બુદ્ધિ સડી જાય અને તેની દુર્ગંધથી પડોશીઓનું માથું ફાટવા લાગે. સદૈવ તમારી ચેતનાને સ્વચ્છતા તરફ રાખો. ઘરના કચરાને જેમ રોજરોજ સાફ કરવામાં આવે છે તે જ રીતે ધર્મસાધના માટે બિનઉપયોગી રીતરિવાજોની સદૈવ સફાઈ કરતા રહો. વર્તમાન સમયમાં જે પ્રથાઓની આવશ્યકતા છે તેની આધારશિલા આરોપિત કરવા માટે સાહસપૂર્વક આગળ વધતા રહો.

તમારે વિવિધ જંજાળોથી ભરેલ મત-મતાંતરો તરફ વળીને જોવાની જરૂર નથી કેમકે તેમાંની ઘણી વસ્તુઓ સમય કરતાં પાછળની થઈ જવાથી બિનઉપયોગી થઈ ગઈ છે, તેમને વળગી રહેવાનો અર્થ એ થશે કે પોતાના હાથપગ બાંધીને પોતાને અંધારા ઓરડામાં નાખી દેવા. તમે કોઈ પણ ધર્મગ્રંથ, સંપ્રદાય કે અવતારનો અનાદર કરશો નહીં કેમકે ભલે આજે તેના કેટલાક અંશો બિનઉપયોગી થઈ ગયા હોય પણ એક સમયે તેમણે સામાજિક સંતુલન રાખવા માટે પ્રશંસાપાત્ર કામ કર્યું હતું. તમે બધા ધર્મગ્રંથો, સંપ્રદાયો અને અવતારોનો આદર કરો અને તેમાંથી જે વાતોની ઉપયોગિતા અત્યારે પણ જણાય તેમને ગ્રહણ કરીને બીજાનો અસ્વીકાર કરો. હંસની વૃત્તિ ગ્રહણ કરીને દૂધને પીવું જોઈએ અને પાણી છોડી દેવું જોઈએ.

સતધર્મનો સંદેશ છે કે હે ઈશ્વરના પ્રાણપ્રિય રાજકુમારો ! હે

સચ્ચિદાનંદ આત્માઓ ! હે નવીન યુગના નિષ્કલંક અગ્રદૂતો ! તમારા અંતઃકરણમાં જ્યોતિ પેદા કરો. તમારા હૃદયના કષાય-કલ્મશોનું મંથન કરીને તેને નિરંતર ધોતા રહો. પોતાની અંદર પવિત્રતા, નિર્મળતા અને સ્વચ્છતાને પ્રતિક્ષણ સ્થાન આપતા રહો. તેનાથી તમારી અંદર બ્રહ્મત્વ જાગૃત થશે. ઋષિત્વનો ઉદય થશે. ઈશ્વરની વાણી તમારા અંતઃકરણને સ્વયં માર્ગ બતાવશે અને જણાવશે કે આ યુગનો ધર્મ શું છે ? જ્યારે તમે અનાદિ સત્ ધર્મનો સ્વીકાર કરો છો તો આ વિવિધ પ્રકારની જંજાળોથી ભરેલ પુસ્તકો તરફ શા માટે તાકવું ? સૃષ્ટિના આદિમાં જ્યારે સત્‌ધર્મનો ઉદય થયો હતો ત્યારે જીવોને તેમની અંદર બેઠેલ પરમાત્માએ માર્ગદર્શન આપ્યું હતું. તેને જ 'વેદ' અથવા આકાશવાણી કહેવામાં આવે છે. તમે પુસ્તકોની ગુલામી છોડો અને આકાશવાણી તરફ દૃષ્ટિપાત કરો. તમારો અંતરાત્મા સ્વતંત્ર છે, જ્ઞાનવાન છે અને પ્રકાશસ્વરૂપ છે. તે તમને તમારી સ્થિતિને અનુકૂળ સાચો માર્ગ બતાવી શકે છે. એમ ન વિચારો કે તમે તુચ્છ, અલ્પ અને અસહાય પ્રાણી છો અને તમને આંધળાની માફક કોઈ આંગળી પકડીને લઈ જનારની જરૂર છે. એવો વિચાર કરવો આત્માના ઈશ્વરીય અંશનો તિરસ્કાર કરવા બરાબર છે.

ધર્મ-અધર્મનો નિર્ણય કરવા માટે સદ્‌બુદ્ધિ તમને મળી છે. તેનો નિષ્પક્ષ થઈને, નિર્ભયતાથી ઉપયોગ કરતા રહો. એમ ના કહો કે અમારી બુદ્ધિ ઓછી છે, અમારું જ્ઞાન થોડું છે. બનવાજોગ છે કે અક્ષરજ્ઞાનની દૃષ્ટિએ તમે પાછળ હો, પરંતુ સદ્‌બુદ્ધિ તો ઈશ્વરે દરેકને આપી છે. તે તમારી પાસે પણ ઓછી નથી. દીનતાની ભાવનાને આશ્રય આપીને આત્માનો તિરસ્કાર કરશો નહીં. પોતાની સદ્‌બુદ્ધિ પર વિશ્વાસ કરો અને તેની સહાયતાથી આજ માટે ઉપયોગી રીતરિવાજોનો સ્વીકાર કરો. આ જ ધર્મનો સાચો માર્ગ છે.

# ધર્મ અને પ્રથાઓ

જૂના રીતરિવાજો માનવા જોઈએ કે નહિ ? આ પ્રશ્નનું વિવેચન કરતી વખતે તમને પ્રાચીનતા પ્રત્યે રાગદ્વેષ ન હોવો જોઈએ. ઘણી વાતો એવી છે જે પ્રાચીનકાળથી એવા રૂપમાં મોજૂદ છે અને જે અત્યારે પણ તેવી જ ઉપયોગી છે જેવી તે પૂર્વ સમયમાં હતી, પરંતુ ઘણી વાતો એવી છે જે બહુ જૂની થઈ ગઈ છે અને તેની ઉપયોગિતા નષ્ટ થઈ ચૂકી છે. તેની મૃત લાશોને છાતીએ વળગાડી રાખવાથી કાંઈ પ્રયોજન સિદ્ધ નહિ થાય, પરંતુ સડો અને દુર્ગંધ જ વધશે. તેથી તમારો દૃષ્ટિકોણ એવો ન હોવો જોઈએ કે પુરાણી વાતોમાં અંધવિશ્વાસ રાખીશું, અથવા તો દરેક વાતમાં તેનો વિરોધ જ કરીશું. તમે દરેક કાર્યને વિચાર અને પ્રથાની કસોટી પર કસો કે તે દેશ, કાળ, પાત્રને માટે ઉપયોગી છે કે નહિ. જો ઉપયોગી જણાય તો એમ ન વિચારશો કે નવીન વિચારસરણીવાળા લોકો અમને શું કહેશે અથવા તેઓ આપણી મશ્કરી કરશે, પરંતુ જો જૂના વિચારોનો અત્યારની પરિસ્થિતિઓ સાથે મેળ ન ખાય તો તેમને નિઃસંકોચ ત્યાગી દો. પ્રથાને કાયમ રાખવા માટે એ વિચાર બિલકુલ નિરર્થક છે કે અમુક પુસ્તકમાં તેનો ઉલ્લેખ છે અથવા અમુક મહાપુરુષે તે વાતનો આદેશ આપ્યો હતો. તે ધર્મપુસ્તકો કે તે મહાપુરુષો પ્રત્યે તમારી અંદર અવજ્ઞાનો ભાવ હોવો જોઈએ નહીં. બલ્કે તમારે તેમનો આદર કરવો જોઈએ કે તેમના સમયમાં પોતાના સમાજ માટે કેવી સુંદર વ્યવસ્થાનું તેમણે નિર્માણ કર્યું હતું. આજે તેમની વાતો સમયથી પાછળ રહી ગઈ છે તો આપણે તેનો મોહ શા માટે કરવો ? શું તે મહાપુરુષોએ પોતાની પૂર્વે પ્રચલિત પ્રથાઓ પ્રત્યે મોહ રાખ્યો હતો ? જો રાખ્યો હોત તો તેમનાં મહત્ત્વપૂર્ણ મંતવ્યો જે આપણને અત્યારે સાંભળવા મળે છે તે પ્રગટ જ ન થયાં હોત.

રીતરિવાજોનો આધાર માનવીય સુવિધા છે. તેથી તેને ધર્મની સાથે જોડી શકાય નહીં. ધર્મના તાત્ત્વિક સિદ્ધાંત સાર્વભૌમ હોય છે, તે સંપૂર્ણ મનુષ્યો પર એકસરખા લાગુ પડે છે, પરંતુ જે રીતરિવાજો, જાતિભેદ, સ્થાનભેદ વગેરેના કારણે બદલાઈ જાય છે તેને ધર્મ કહી શકાય નહિ. હિન્દુ સંધ્યા કરે છે, મુસલમાન નમાજ પઢે છે. ખ્રિસ્તી પ્રાર્થના કરે છે. તેમની પ્રથાંઓ કે કર્મકાંડ અલગ અલગ છે. શું તમે તે પ્રથાઓને જ ધર્મ કહેશો ? તો તો પોતાના ધર્મવાળા સિવાય આખી દુનિયા અધાર્મિક જ કહેવાય. તમે હિન્દુ હો અને સંધ્યા કરતી વખતે વિશ્વાસ કરો છો કે એ રીતે અંતરાત્માની વાણી ઈશ્વર સુધી પહોંચાડો છો. એ જ રીતે એક સાચા મુસલમાનને પણ એમ માનવાનો અધિકાર છે કે તે નમાજ દ્વારા 'ખુદા' સુધી પોતાનો પોકાર પહોંચાડે છે. બન્ને સાચા છે. જો રિવાજોની પ્રધાનતા હોત તો બેમાંથી એક ધાર્મિક હોત અને બીજો અધાર્મિક, પરંતુ ખરેખર એવું નથી. રીતરિવાજોનું કાંઈ મૂલ્ય નથી, કેવળ ભાવનાનું જ મહત્ત્વ છે.

માની લો કે તમે હિન્દુ છો. તમારી સમક્ષ સનાતની, આર્યસમાજી વગેરે મતભેદ આવતા રહે છે અને તમે વિચારો છો કે તેમાંથી કોનો સ્વીકાર કરવો જોઈએ અને કોનો નહિ ? આ પ્રશ્નનો નિર્ણય કરવા માટે બહારના વિવાદોથી કંઈ વધારે મદદ નહિ મળે કેમકે બન્ને પક્ષવાળા પોતપોતાના મતનું સમર્થન પ્રૌઢ શબ્દાવલિ અને પ્રખર તર્કો દ્વારા કરે છે. તે શબ્દાવલિ અને તર્કસમુદાયમાં કોઈ પણ વ્યકિત ગુંચવાઈ શકે છે અને ભ્રમિત થઈ શકે છે. ભ્રમથી બચવાનો એક જ સર્વોત્તમ ઉપાય છે કે શાંતચિત્તે ભ્રમ પર વિચાર કરવો. વિચારમાંથી સ્વાર્થપરાયણતા, લોકલજ્જા, હઠીલાપણું -આ ત્રણે વસ્તુઓને બિલકુલ અલગ કરી દો અને વિશાળ દૃષ્ટિકોણ, ઉદાર હૃદય તથા નિષ્પક્ષ નિર્ણયને અપનાવીને વિચારો કે વર્તમાન સમયની પરિસ્થિતિઓમાં કઈ પ્રથાઓ હિતકર છે અને કઈ અહિતકર છે. પાછલી ભૂમિ પરથી પગ

ઉઠાવીને આગળની જમીન પર પગ મૂકવો એ યાત્રાનો નિયમ છે. તમે અત્યાર સુધી અસંખ્ય માઈલ લાંબી યાત્રા પાર કરી ચૂકયા છો અને તે દરમિયાન કલ્પી ના શકાય એટલી લંબાઈની ભૂમિમાંથી પસાર થઈને તેને પાછળ છોડી ચૂકયા છો. તો પછી જે પરિસ્થિતિઓમાં પડી રહ્યા છો તેને છોડવામાં ખચકાઓ છો કેમ ? પોતાને કોઈ સંકુચિત દોરડાથી બાંધો નહીં કારણ કે તમે સ્વતંત્ર હતા અને હવે સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે વિજયયાત્રા કરી રહ્યા છો. 'સત્યની શોધ' એ જ જીવનનું કાર્ય હોવું જોઈએ. રૂઢિવાદ જો તમને સડેલ-ગળેલ સંકુચિતતામાં જકડી રાખે અને વિકાસક્રમને રોકીને સ્વતંત્ર વિચારધારા અપનાવવાથી વંચિત કરી દે તો સમજો કે તમે ખોટી વસ્તુ અપનાવી લીધી. ધર્મના નામે તેના સડેલ-ગળેલ ગૂમડાના પરુને તમે લઈ લીધું, આ પરુ કોઈક સમયે પુષ્ટ માંસ હતું એમ સમજીને તેને ખોબામાં ભરીને ફરવું યોગશાસ્ત્રની દૃષ્ટિએ સાવ મૂર્ખતાપૂર્ણ છે.

રસોઈ કરવા માટે લાકડાં ધોઈને કામમાં લેવાં જોઈએ કે નહિ ? નળનું પાણી પીવું જોઈએ કે નહિ ? કપડાં પહેરીને ભોજન કરવું જોઈએ કે નહિ ? અમુક વ્યકિતને અડકીને સ્નાન કરવું જોઈએ કે નહિ ? રાત્રે ભોજન કરવું જોઈએ કે નહિ ? પાણી ગાળીને પીવું જોઈએ કે નહિ ? અમુકને ઘેર ભોજન કરવું જોઈએ કે નહિ ? વગેરે પ્રશ્નોના ઉત્તર આપવામાં આપણે બિલકુલ અમસર્થ છીએ. આ વાતો કોઈ સ્વાસ્થ્ય વિજ્ઞાનના જાણકારને પૂછવી જોઈએ કેમકે ખાનપાન સંબંધી આ વાતોનો ધર્મ સાથે કોઈ સંબંધ નથી, પરંતુ આ બધા પ્રશ્નો સ્વાસ્થ્ય વિજ્ઞાનને લગતા છે. એક સમય એવો હતો જ્યારે કાયદાઓની સીમા નાની હતી અને ધર્મશાસ્ત્રની અંતર્ગત સ્વાસ્થ્ય, સમાજ, રાજનીતિ, ગૃહસ્થ, અર્થશાસ્ત્ર વગેરે બધી વાતો આવી જતી હતી. આજે એ વ્યવસ્થા બદલાઈ ગઈ છે. ધર્મને આપણે અધ્યાત્મશાસ્ત્ર કે યોગશાસ્ત્ર કહીએ છીએ તે અપરિવર્તનશીલ છે. અન્ય નિયમ-ઉપનિયમ

દેશકાળની અપેક્ષા રાખે છે તેથી તેને ભૌતિક ભૂમિકા પર લાવીને સ્વતંત્ર શાસ્ત્ર બનાવી દેવામાં આવ્યું છે. જો કે તેના પર અંકુશ તો ધર્મનો જ છે. તેથી હવે ખાન-પાન, સ્નાન-સફાઈના પ્રશ્નો સ્વાસ્થ્ય વિજ્ઞાનની આધારશિલા પર સ્થિર હોવા જોઈએ. જો કોઈ પ્રાચીન ધર્મપુસ્તક એમ કહેતું હોય કે બ્રાહ્મણના હાથનું ભોજન સારું છે, પરંતુ સ્વાસ્થ્ય વિજ્ઞાન કહે છે કે ગંદાપણું, બીમારી કે ખરાબ આદતોને કારણે અમુક વ્યકિતના હાથનું ભોજન ન કરવું જોઈએ. તો હું તમને સ્વાસ્થ્ય વિજ્ઞાનના નિર્ણયને માનવાની જ સંમતિ આપીશ. નળનું પાણી, કાચીપાકી રસોઈ, આભડછેટ, આ બાબતોમાં સ્વાસ્થ્યશાસ્ત્રનો આદેશ જ માનનીય છે. અધ્યાત્મશાસ્ત્ર આ બાબતમાં બહુ ઉદાર છે અને તે અકારણ વધારે પ્રતિબંધ તથા સંકીર્ણતામાં મનુષ્ય જાતિને ફસાવવાની ઇચ્છા નથી રાખતું.

આ જ રીતે છોકરા-છોકરીઓનાં લગ્ન કઈ ઉમરે કરવાં જોઈએ તે પ્રશ્ન પણ સ્વાસ્થ્ય સાથે જ સંબંધ ધરાવે છે. જે ઉમરે સંતાનોત્પાદનની સ્વાભાવિક આવશ્યકતા હોય તે ઉમરે લગ્ન કરવાં જોઈએ. જે ઉમરે બાળકોને કામવિકારોથી ભડકાવવા માટે નહિ, પણ તેનાથી બચાવવા માટેની આવશ્યકતા હોય છે તે ઉમરે લગ્ન કરવાની આજ્ઞા કોઈ ધર્મશાસ્ત્ર આપી શકે નહીં.

દામ્પત્યજીવન કઈ રીતે પસાર કરવું જોઈએ તેનો ઉત્તર સમાજશાસ્ત્ર આપી શકે. પરણેલ સ્ત્રીપુરૂષ જો એકબીજાથી સંતુષ્ટ ન રહે તો તેમનામાં કલહ પેદા થશે અને એ કલહ પાડોશીઓ પર ખરાબ અસર પાડશે અને સંતાનને ધૃણાસ્પદ બનાવશે. આવાં સંતાન ભારરૂપ થશે. સમાજની શાંતિ અને સુવ્યવસ્થાનો આધાર એ વાત પર છે કે સ્ત્રીપુરુષ આપસમાં સંતુષ્ટ રહે, એકબીજા પ્રત્યે પ્રેમ રાખે. પતિવ્રત અને પત્નીવ્રતનું પૂર્ણ રૂપથી પાલન કરવામાં આવે. દુરાચારની કોઈ ઇચ્છા પણ ન કરે. જો એક વ્યકિત દુરાચારની ઇચ્છા કરે અને

પોતાની વાસના માટે બીજાને તૈયાર કરી લે તો એ બન્નેના ચોર વિચાર બીજાઓમાં પણ તેવી ભાવના જગાવે છે. આ અવાંછનીય સંબંધ જ્યારે પ્રકટ થાય છે ત્યારે ઘૃણા, દ્વેષ, અપમાન, તિરસ્કાર વગેરેના ભાવ પેદા થાય છે, જેનાથી સમાજનું ઘણું અનિષ્ટ થાય છે. આ બધી વાતો બતાવે છે કે સમાજશાસ્ત્રની દૃષ્ટિએ સ્ત્રીપુરુષોએ પતિવ્રત અને પત્નીવ્રતનું પાલન કરવું જોઈએ. એક સ્ત્રીનો એક જ પુરુષ સાથે સંબંધ હોવો જોઈએ.

પરંતુ ઉપરોક્ત નિયમ અપરિવર્તનશીલ નથી. પર્વતીય પ્રદેશો કે જ્યાં છોકરીઓ ઓછી અને છોકરાઓ વધારે પેદા થાય છે ત્યાં એવો રિવાજ જોવામાં આવે છે કે એક પિતાના જેટલા પુત્રો હોય તે બધા એક જ છોકરી સાથે લગ્ન કરી લે છે. આ રીતે તે એક સ્ત્રી ચાર-છ પતિવાળી બને છે. તે પ્રદેશોમાં આ પ્રથા સર્વથા ધર્મસંમત છે. પાંચ પાંડવોને એક સ્ત્રી દ્રૌપદીનું ઉદાહરણ પ્રસિદ્ધ છે. એ જ રીતે જે પ્રદેશોમાં સ્ત્રીઓ વધારે અને પુરુષો ઓછા હોય છે ત્યાં એક પુરુષને ઘણાં લગ્ન કરવાની અનુમતિ છે. ઈસ્લામ ધર્મવાળા માને છે કે એક પુરુષને ચાર સ્ત્રીઓ રાખવા સુધીની ઈશ્વરીય આજ્ઞા છે. ખ્રિસ્તી સભ્યતા અનુસાર દાંપત્યસંબંધ સ્થાપિત કરવાનું કાર્ય સ્ત્રી-પુરુષોએ સ્વયં કરવું પડે છે, તેટલા માટે તેઓ ઘણામાંથી એકને પસંદ કરે છે. આ કામમાં જો કોઈ કોઈ સંબંધ બાંધવા કે તોડવા પડે તો તે સમાજ અનુસાર તે કાર્ય જરાપણ અયોગ્ય ગણાતું નથી. સંતાનોત્પાદનનો અભાવ અથવા વંશમર્યાદાનો નાશ થવાના પ્રસંગે પ્રાચીન પુસ્તકોમાં અમુક છૂટછાટ આપવામાં આવી છે જેમકે મહાભારતના કથનાનુસાર વ્યાસજીની વંશરક્ષા માટે પરસ્ત્રીગમન નિષેધનો અપવાદ ઉપસ્થિત કરવામાં આવ્યો હતો. આ છૂટછાટો સમાજ વિભિન્નતા, સ્થિતિવિશેષ અને કારણવિશેષના કારણે કયારેક કયારેક હોય છે અને સાધારણ રીતે મનુષ્યજાતિની સુરક્ષાનો માર્ગ એ જ છે કે દાંપત્યજીવન આદર્શ બને

અને એકબીજાથી સર્વથા સંતુષ્ટ રહે.

આફ્રિકાની કેટલીક અસભ્ય જાતિઓમાં અત્યાર સુધી એવો રિવાજ પ્રચલિત છે કે જો કોઈ પુરુષની સ્ત્રીનું મરણ થઈ જાય તો તે પુરુષને પણ સ્ત્રીની સાથે બાળવામાં આવે છે. ફિલિપાઈન્સ ટાપુઓની એક જાતિમાં એવો રિવાજ છે કે વિધુર પુરુષને કોઈ અડકતું નથી. તે જીવનભર મોં પર કપડું ઢાંકી રાખે છે જેથી કોઈ તે પાપીનું મોં ન જુવે. તિબેટમાં મૃત પત્નીના પતિને કોઈ સ્ત્રી અડકતી નથી અને તે એટલે સુધી કે માતા અને પુત્રી પણ તેને સ્પર્શ કરતી નથી. બીજી સ્ત્રીનો તેની સાથે લગ્ન કરવાનો તો કોઈ પ્રશ્ન જ નથી ઊઠતો. બરાબર આ જ પ્રકારની પ્રથા ભારતવર્ષની સવર્ણ કહેવાતી જાતિઓમાં પ્રચલિત છે જે અનુસાર વિધવા સ્ત્રીઓને એવી દશામાં રહેવું પડે છે જે રીતે આફ્રિકા, તિબેટ અને ફિલિપાઈન્સની કેટલીક અસભ્ય જાતિઓમાં પુરુષોને રહેવું પડે છે. યોગશાસ્ત્ર આવા રીતરિવાજોને વર્તમાન સમયથી ઘણા પાછળના સમજે છે. સ્ત્રીપુરુષ વાસ્તવમાં બે સ્વતંત્ર સત્તાઓ છે. એકબીજાને આગળ વધારવાના કાર્યમાં સહાયતા કરે એ ઉદ્દેશ્યથી ઈશ્વરે બે ભિન્ન લિંગ પેદા કર્યાં છે. તે એક સ્વતંત્ર સહયોગી છે, એકના ન રહેવાથી બીજાનો ઉન્નતિક્રમ રોકી દેવામાં આવે તે યોગ્ય નથી. સંયમ, બ્રહ્મચર્ય ઘણી સુંદર વસ્તુઓ છે. કોઈ વ્યક્તિ બાળબ્રહ્મચારી રહે તો તે સારું છે, વિધવા અથવા વિધુર થતાં કામવાસનાને ત્યાગી શકે તો પણ સારું છે, પરંતુ આ ઐચ્છિક પ્રશ્ન છે. બળપૂર્વક કરાવવામાં આવેલ સંયમ ખરેખર સાચો સંયમ નથી. આ જ રીતે લોકવ્યવહારના દૈનિક કાર્યોમાં મિત્રતા, શત્રુતા, લગ્નસંબંધ વગેરેની બાબતમાં ધર્મશાસ્ત્ર બહુ ઉદાર છે. એ મનુષ્ય જાતિની એકતા, અખંડતા, વ્યાપકતા તથા સમાનતાને સ્વીકારે છે. ભાઈને ભાઈથી જુદો કરવા, મનુષ્યને મનુષ્યથી અલગ કરવા, રૂઢિઓના સંકુચિત ચોકઠામાં બાંધવા, ઉન્નતિના માર્ગમાં વિઘ્ન નાખવા અને આત્મિક સ્વતંત્રતામાં

પ્રતિબંધ લગાવવા ધર્મ કદાપિ ઇચ્છતો નથી. તમે ધર્મને ગ્રહણ કરો અને અધર્મના અજ્ઞાનને કચરાની જેમ ઝાડુથી વાળીને ઘરની બહાર ફેંકી દો.

## ધર્મસંકટ

અનેકવાર મનુષ્યના જીવનમાં એવા અવસર ઉપસ્થિત થાય છે કે જ્યારે તે ધર્મસંકટમાં પડી જાય છે. સામે બે એવા માર્ગ આવી જાય છે જે બન્ને અરુચિકર હોય છે, તેમાંથી કોઈ પણ પસંદ કરવાની ઇચ્છા થતી નથી. તો પણ એવી પરિસ્થિતિ સામે હોય છે કે એકને પસંદ કર્યા વગર છૂટકો હોતો નથી. (૧) એક બાજુ ખાઈ, બીજી બાજુ ચટ્ટાન (૨) સાપે છછૂંદર ગળ્યા જેવી સ્થિતિ (૩) મોંમાં ભરેલ ગરમ દૂધ ન પી શકાય, ન કોગળો કરાય વગેરે અનેક કહેવતો જનસમાજમાં પ્રચલિત છે, જે એમ સૂચવે છે કે આવી દ્વિધાઓ ઘણી વખત સામે ઉપસ્થિત થાય છે અને તેનું નિરાકરણ શોધવામાં બુદ્ધિ વિચલિત થઈ જાય છે.

ધર્મગ્રંથ, લોકમત, ઉદાહરણ, ઉપદેશ અને ભાવુકતાના આધારે કોઈ નિર્ણય કરતાં મગજ ફરી જાય છે. માની લો કે એક સિંહ ગામમાં ઘૂસી આવે અને ગ્રામવાસીઓને ખાવા લાગે. આવ વખતે ધર્મગ્રંથોનાં પાનાં ફેરવતાં પરસ્પર વિરોધી મંતવ્ય પ્રાપ્ત થાય છે. એક સ્થાન પર લખ્યું હશે કે- "કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી જોઈએ. બધા જીવ ઈશ્વરે પેદા કર્યા છે. જે પ્રાણીને આપણે બનાવી શકતા નથી તેને મારવાનો આપણને હક નથી"--બીજા સ્થાન પર એવું લખેલ હશે કે, "જુલમીને મારી નાખવો જોઈએ". આ બન્ને વ્યવસ્થા એકબીજાની વિરોધી છે. ધર્મગ્રંથનું અવલંબન લઈને જે ધર્મસંકટ ઉપસ્થિત થયું હોય તેનું નિરાકરણ કરવું બહુ કઠિન છે. મિત્રોને પૂછીશું તો તે પણ

પોતાની વિચારમર્યાદા અનુસાર જવાબ આપશે. જૈન મિત્રને પૂછીએ તો કહેશે --"ચાહે ગમે તે થાય, સિંહ પર હાથ ન ઉગામવો જોઈએ," વેદાંતી કહેશે-- "સંસાર મિથ્યા છે, સ્વપ્ન સમાન છે, તમે તો માત્ર જોયા કરો," ગીતાધર્મવાળો કહેશે– "કર્તવ્યપાલન કરો, આતતાયીને મારો, સિંહ છે કે ગાય તેનું વિવેચન ના કરો." પીડિત ગ્રામવાસી સિંહને વિના વિલંબે મારી નાખવાનો પોકાર કરશે. આ રીતે લોકમત પણ એકસરખો મળશે નહીં. પક્ષીઘરમાં જાત-જાતનાં પક્ષી પોતપોતાની બોલી બોલે છે, કોની વાત ખરાબ કહેવી અને કોની સારી ? કોઈ વસ્તુ ચાહે કેટલી પણ સારી કેમ ન હોય, બધા લોક તેના સમર્થક નથી હોતા. સ્વરાજ્ય જેવા સર્વોપયોગી જીવનતત્ત્વના પણ વિરોધી એવા અનેક ભારતીયો આજે જોવા મળે છે. કસાઈના કૂતરા પોતાના ટુકડાથી વધુ ઉત્તમતા બીજી કોઈ વસ્તુમાં જોઈ શકતા નથી. આ જ રીતે લોકમત પણ કોઈ વાતને સર્વસંમતિથી સમર્થન કરતો નથી, ભલે તે વાત કેટલીયે ઉત્તમ હોય. તે જ રીતે ખરાબમાં ખરાબ વાતનો પક્ષ લેનારા લોક પણ મળી આવે છે. ઉદાહરણ તો કોઈ પણ વાતને અનુકૂળ મળી શકે છે. સાધારણ મનુષ્યોની વાત છોડો, મોટા મોટામાં પણ બુરાઈઓ શોધી શકાય છે. બ્રહ્માજી પોતાની પુત્રી પર આસક્ત થઈને તેની સાથે બળાત્કાર કરવા તૈયાર થઈ ગયા, ચંદ્ર ગુરુ પત્ની પર આસક્ત થઈ ગયો. ઇન્દ્રનું અહલ્યા જોડે કુકર્મ પ્રસિદ્ધ છે. વિષ્ણુએ જાલંધરની સ્ત્રીનું કપટથી પતિવ્રત નષ્ટ કર્યું. વ્યાસજીનું માછીની કન્યા પર આસક્ત થવું અને વિશ્વામિત્ર મેનકા નામની અપ્સરા પર આસક્ત થયાનું વર્ણન મળે છે. રામાયણ વાંચનારાઓએ નારદ મોહની કથા વાંચી હશે કે તેઓ ભક્તિભાવ છોડીને કઈ રીતે લગ્ન માટે વ્યાકુળ થઈને ફર્યા હતા. રાક્ષસોનો પક્ષ સમર્થ કરનારા તથા એમના સહાયક શુક્રાચાર્ય અને કૌરવોના સહાયક દ્રોણાચાર્ય જેવા વિદ્વાન હતા. બલિને વામન ભગવાને છેતર્યો, વાલીને રામે આડમાં છુપાઈને અનીતિપૂર્વક

માર્યો. આ રીતે મોટા મોટામાં જ્યાં દોષ છે તેથી વિપરીત અત્યંત નીચી શ્રેણીની વ્યક્તિઓ પણ ઉચ્ચ ચરિત્રનું પાલન કરતી જોવામાં આવે છે. ઈતિહાસ એક સમુદ્ર છે. તેમાં દરેક સારાં નરસાં કાર્યનાં ઉદાહરણો મળી શકે છે. પછી તેમાંથી કોનું અનુકરણ કરવું ? દુષ્કાળના વખતમાં અન્ન ન મળવાથી પ્રાણ જવાનું સંકટ ઉપસ્થિત થતાં વિશ્વામિત્રે ચાંડાલના ઘરમાંથી માંસ ચોરીને ખાધું હતું અને ઉષસ્તિએ અત્યજના એંઠા અડદ ખાઈને પ્રાણરક્ષા કરી હતી, પરંતુ વિલોચનનું એવું પણ ઉદાહરણ મોજૂદ છે કે અભક્ષ્ય ખાવાનો અવસર આવતાં તેણે પ્રાણનો ત્યાગ કરી દીધો હતો. આ બધાંમાં કોનો પક્ષ સાચો માનવો અને કોનો ખોટો ? આનો નિર્ણય કરવો સાધારણ બુદ્ધિશાળી વ્યક્તિ માટે બહુ કઠિન છે. ઉપદેશના પણ એ હાલ છે કે એક વિદ્વાન એક સિદ્ધાંતનું પ્રતિપાદન ઘણા પ્રચંડ તર્કોથી કરે છે, પરંતુ બીજો તેનાથી પણ ઉગ્ર પ્રમાણો દ્વારા તે સિદ્ધાંતનું ખંડન કરી નાખે છે. પ્રજાતંત્ર, સામ્યવાદ, ફાસીવાદ, પૂંજીવાદ વગેરેના પ્રતિપાદનમાં જે તર્કના આધાર ઉપસ્થિત કરવામાં આવે છે તેમાંથી સચ્ચાઈ શોધી કાઢવી એ સામાન્ય પ્રજ્ઞાનું કામ નથી. તો પછી ભાવુકતાનું તો કહેવું જ શું ? આંખો સામે જે અસાધારણ અનુભૂતિના પ્રસંગો આવે છે તેનાથી તરંગિત થઈને હૃદય એક પ્રવાહમાં વહી જાય છે અને નાની ઘટનાને પણ અત્યંત મહાન સમજીને તેના નિરાકરણ માટે મોટામાં મોટું કાર્ય કરવા તૈયાર થઈ જાય છે, પછી ભલે તેટલા જ કાર્યમાં તેનાથી અનેકગણાં મહત્ત્વનાં કામ છૂટી જાય. સાંપ્રદાયિક ઝઘડા આપણા દેશમાં અવારનવાર થાય છે તેના મૂળમાં કોઈ મહા જટિલ સમસ્યા નથી હોતી, પરંતુ ભાવુકતાનો પ્રવાહ હોય છે. મુસલમાનો વિચારે છે કે નમાજના સમયે વાજાં વગાડવાથી દયાળુ ઈશ્વરનો અનાદર થાય છે, તો હિંદુ વિચારે છે કે રામચંદ્રજીની જાનનાં વાજાં બંધ થઈ જવાં એ ઈશ્વરનું અપમાન છે. બન્ને પક્ષ ખુદાનો અનાદર અને ઈશ્વરનું અપમાન ન થવા દેવા ખાતર

છરા, કટાર લઈને નીકળી પડે છે એ લોહીથી પૃથ્વી લાલ કરી નાખે છે. વાસ્તવમાં વાજાંના કારણે ન તો ઈશ્વરનું અપમાન થાય છે કે ના ખુદાનો અનાદર, પણ બન્ને પક્ષ પોતપોતાની ભાવુકતાના પ્રવાહમાં વહી જાય છે અને નાની ઘટનાને એવી મોટી સમજવા લાગે છે જાણે કે તે જ જીવનમરણનો પ્રશ્ન છે. જો ભાવુકતાના ઉડ્ડયન પર વિવેકનું નિયંત્રણ હોય તો રક્તપાત થાય નહિ. મહમ્મદ ઘોરી પોતાના સૈન્યની આગળ ગાયોનું ધણ આગળ રાખીને આગળ વધ્યો. પૃથ્વીરાજે ગાયો પર હથિયાર ચલાવવાને બદલે પરાજય વહોરી લેવાની ભાવુકતા અપનાવી લીધી. થોડી ગાયો તે વખતે બચી ગઈ, પણ આજે તેના જ ફળસ્વરૂપ મિનિટે મિનિટે હજારો ગાયોની ગરદન પર છરી ફરી રહી છે. ઈદની કુરબાની વખતે એક ગાયને ખાતર તોફાન થઈ જાય છે, પરંતુ સૂકા માંસના વેપારમાં જે અગણિત ગૌવધ થાય છે તેના તરફ કોઈનું ધ્યાન જતું નથી. આ રીતે ભાવુકતાના પ્રવાહમાં સામેવાળાની નાની વાતોને મહત્ત્વ આપવામાં આવે છે અને પાછળ રહેનારી જીવનમરણની સમસ્યા ત્યાંની ત્યાં જ ઉપેક્ષિત પડી રહે છે.

ઉપરોક્ત પંક્તિઓમાં મેં એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે ધર્મગ્રંથ, લોકમત, ઉદાહરણ, ઉપદેશ અને ભાવુકતાના આધાર પર ધર્મસંકટનું યોગ્ય નિરાકરણ કરવામાં ઘણી જ ઓછી મદદ મળે છે અને ગરબડમાં પડી જવાની આશંકા વધારે રહે છે. બનવાજોગ છે કે સામેના બે માર્ગોમાંથી નાની વાત મોટી માલૂમ પડે એ મોટીનું મહત્ત્વ નાનું સમજમાં આવે. જેમકે બાળકને ગૂમડું નીકળ્યું હોય અને તેને ચીરાવવું આવશ્યક હોય ત્યારે ઑપરેશનના ચાકૂને જોઈને બાળક ભયભીત થઈને કરુણ આક્રંદ કરે છે, પિતા અત્યંત ભાવુક બનીને તે બાળકને હૉસ્પિટલમાંથી લઈને એમ કહીને ચાલી નીકળે છે કે-"આટલું કરુણ આક્રંદ હું જોઈ શકતો નથી." ઘેર આવ્યા પછી ગૂમડું વધે છે, સડો વધતાં પગ નકામો થઈ જાય છે, બાળકનું જીવન નિરર્થક થઈ જાય છે.

અહીં તત્ત્વજ્ઞાની દૃષ્ટિથી પિતાની તે ભાવુકતા ખોટી ઠરે છે કે જેના પ્રવાહમાં તે ઑપરેશન સમયે તણાઈ ગયો હતો. જો તે વખતે તેણે ધીરજ, વિવેક અને દૂરંદેશીથી કામ લીધું હોત તો બાળકની જિંદગી બરબાદ ન થાત. પિતાની સહૃદયતા પર કોઈ આક્ષેપ નથી. તેણે જે કર્યું હતું તે સારી ભાવનાથી કર્યું હતું, પણ ભાવુકતાની માત્રા વિવેકથી વધારે વધી જવાથી તે ઉચિત માર્ગ છોડી બેઠો અને અનિષ્ટકારી પરિણામ ઉપસ્થિત થવાનું કારણ બન્યો. જ્યારે પિતા હૉસ્પિટલથી બાળકને લઈ આવ્યો હતો ત્યારે તે ઇચ્છત તો અનેક એવાં સૂત્રો, લોકોક્તિ, ઉદાહરણ તથા તર્ક એકઠાં કરી શકત જે તેના કાર્યનું ઔચિત્ય સિદ્ધ કરવાના પક્ષમાં હોય. સામે એક સારો માર્ગ હોય અને એક ખરાબ તો તેનો નિર્ણય કરવો સહેલો છે કે આ માર્ગ પર ચાલવું ઉચિત છે, પણ જ્યારે બન્ને માર્ગો ખરાબ હોય તે વખતે શું કરવું જોઈએ ? તેનો નિર્ણય કરવો અઘરો છે. તે જ રીતે બે સારા માર્ગોમાંથી કયો પસંદ કરવો તે પણ ગૂંચવણવાળો પ્રશ્ન છે. આ ગૂંચવણવાળા માર્ગોને ધર્મસંકટ કહે છે.

હવે એ ધર્મસંકટોની બાબતમાં વિચાર કરવાનો છે જે સ્વયં પોતાની અંગત સમસ્યાઓના સંબંધમાં ઉપસ્થિત થાય છે. આપણે ઘણા પરિશ્રમથી પૈસા કમાઈએ છીએ. પછી તે પૈસાથી કપડાં સીવડાવીએ છીએ કેમકે પૈસા કરતાં કપડાં વધારે લાભદાયક છે. શરીરને ઠંડી-ગરમીથી બચાવવા માટે કપડાં પહેરીએ છીએ કેમકે કપડાં કરતાં શરીરનું રક્ષણ વધારે મૂલ્યવાન છે. શરીરસુખ માટે બીજા મૂલ્યવાન પદાર્થનો ખર્ચ કરી નાખીએ છીએ કારણ એ જ કે તે મૂલ્યવાન પદાર્થ શરીરસુખના મુકાબલે ઊતરતો લાગે છે. લોકો શરીરસુખની આરાધનામાં લાગેલા છે, પરંતુ એક વાત ભૂલી જાય છે કે શરીરથી ઊંચી પણ કોઈ વસ્તુ છે. વસ્તુતઃ આત્મા શરીરથી ઊંચો છે. આત્માના આનંદ માટે

શરીર કે તેને પ્રાપ્ત થતાં સર્વ સુખો તુચ્છ છે. પોતાના દૈનિક જીવનમાં ડગલે ને પગલે મનુષ્ય "વધુ માટે થોડાનો ત્યાગ" ની નીતિ અપનાવે છે, પરંતુ અંતિમ સ્થાન પર આવીને તે બધી ચોકડી ભૂલી જાય છે. જે રીતે શરીરસુખ માટે પૈસાનો ત્યાગ કરવામાં આવે છે તે જ રીતે આત્મસુખ માટે શરીરસુખનો ત્યાગ કરવામાં લોકો ખચકાય છે. આ જ માયા છે.

વાચકો એ વાતને સારી રીતે જાણે છે કે અન્યાય, અનીતિ, સ્વાર્થ, અત્યાચાર, વ્યભિચાર, ચોરી, હિંસા, છળ, દંભ, પાખંડ, અસત્ય, અહંકાર વગેરેથી કોઈ વ્યક્તિ ધન એકઠું કરી શકે છે, ભોગ્ય પદાર્થોનો સંગ્રહ કરી શકે છે. ઈન્દ્રિયોને થોડી ક્ષણો માટે પંપાળી શકે છે, પરંતુ આત્મસંતોષ પ્રાપ્ત કરી શકતો નથી. આ પાપકર્મોની આધ્યાત્મિક પ્રતિક્રિયાથી જે અસહ્ય ભાર અંતઃકરણ પર જમા થાય છે તેનાથી બનેલ આત્મા હંમેશાં નિસાસા નાખે છે અને વેદના, ઉદ્વિગ્નતા અને અશાંતિનો અનુભવ કરતો રહે છે. પાપી મનુષ્ય બીજા લોકોને સુખી અને ભાગ્યવાન ભલે દેખાતો હોય, પરંતુ તેની આંતરિક સ્થિતિને જાણનારા લોકો સમજે છે કે તે ગરીબ અને અભાવગ્રસ્ત લોકો કરતાં બહુ જ નીચી શ્રેણીનું જીવન જીવી રહ્યો છે. સૂતાં-જાગતાં એને ઘડીભર માટે પણ શાંતિ હોતી નથી; પાપવૃત્તિઓ-પિશાચણીઓ તેના મનોજગતમાં લોહી ભરેલ ખપ્પર પી-પીને નાચે છે અને તે તાંડવ નૃત્યને જોઈજોઈને પાપપીડિત વ્યક્તિનું ડૂસકું બંધાઈ જાય છે. પોતે રચેલ કુંભીપાક નરકમાં તે પોતે જ ટળવળે છે. પોતે ખોદેલી વૈતરણીમાં તે પોતે જ ડૂબકાં ખાયા કરે છે. અશાંતિ, હાહાકાર, ચિંતા, વ્યાકુળતા, ઉદ્વિગ્નતા-બસ આ જ એનો પરિવાર હોય છે. તેની અંદર જ તે જીવનને પસાર કરી દે છે. આત્મસંતોષ, આત્મ-આનંદને તે અભાગી જાણી પણ શકતો નથી.

એક ચારિત્ર્યવાન વ્યક્તિને જુવો. તે ઈમાનદારી, સચ્ચાઈ,

પરોપકાર, દયા, ઉદારતા, નમ્રતા, સહાનુભૂતિ, સેવા, સહાયતા, પ્રેમ, પ્રસન્નતા વગેરે ઉત્તમોત્તમ પવિત્ર ભાવનાઓને પોતાની અંદર ધારણ કરે છે. સચ્ચાઈથી ભરેલ સાચું આચરણ કરે છે અને તેના ચારિત્ર્ય પર આંગળી ઉઠાવવાનું કોઈ સાહસ કરી શકતો નથી. દૂધ જેવા સફેદ, બરફ જેવા સ્વચ્છ આચારવિચાર રાખનારા મનુષ્યની આત્મિક શાંતિનો મુકાબલો શું કોઈ ચક્રવર્તી સમ્રાટ કરી શકે ખરો ? શરીરને તેની સ્વાભાવિક વસ્તુઓ દાળ, રોટલી, દૂધ, શાકભાજી ખાવા માટે આપવામાં આવે નહીં અને બીજા જીવોના ખાદ્ય પદાર્થ જેવા કે ઘાસ, માટી, કીડા-મંકોડા વગેરે ખાવા માટે સામે રાખવામાં આવે તો તે દુઃખ અનુભવશે અને દિવસે દિવસે દુર્બળ થતો જશે. પાપકર્મ મનુષ્યયોનિ માટે યોગ્ય નથી, બલ્કે શ્વાન, સિંહ, સાપ વગેરે નીચ યોનિવાળા જીવોનો આહાર છે. માનવ અંતઃકરણ પાપકર્મોથી પ્રફૂલ્લિત થતું નથી, પણ દિવસે દિવસે દુઃખી દુર્બળ થતું જાય છે. તેનું સ્વાભાવિક ભોજન એ આચારવિચાર છે જેને સાત્ત્વિક, પુણ્યમય, નિષ્પાપ, પવિત્ર અને પરમાર્થ કહે છે. આ જ આહારથી આત્માની ભૂખ સંતોષાય છે અને બળ પ્રાપ્ત કરીને તે પોતાની મહાન યાત્રાને આગળ વધારે છે.

એક તરફ પાપકર્મો દ્વારા શરીરસુખોની પ્રાપ્તિ થાય છે, તો બીજી બાજુ પુણ્યકર્મો દ્વારા આત્મસુખનો લાભ મળે છે. વિવેકબુદ્ધિ કહે છે કે 'અધિક માટે થોડાનો ત્યાગ કરો'. નાશવંત શરીરની ક્ષણિક લાલસાઓને તૃપ્ત કરવાને બદલે સ્થાયી, અનન્ત અને સાચા આત્મસુખને પ્રાપ્ત કરો. શરીરને ભલે કષ્ટની સ્થિતિમાં રહેવું પડે, પરંતુ સદ્‌વૃત્તિઓ દ્વારા પ્રાપ્ત થતા સાચા સુખને હાથમાંથી જવા દેશો નહીં. ઠીકરાને છોડો અને સિક્કાને ગ્રહણ કરો. "અધિક માટે થોડાનો ત્યાગ કરો."

❑

# અધિક માટે થોડાનો ત્યાગ

વિટંબણામય ગૂંચવણને ઉકેલવા માટે "અધિક માટે થોડાનો ત્યાગ"ની નીતિ ઘણી જ યોગ્ય છે. ખેડૂત જ્યારે બીજ વાવે છે ત્યારે વિશાળ અન્નરાશિ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી ઘરમાં રાખેલ અનાજની ખેતરમાં વાવણી કરી દે છે. વેપારી પોતાનો કારોબાર શરૂ કરે છે ત્યારે લાભની આશાથી રોકડ પૂંજીને માલસામાનમાં રોકી દે છે. મહાજન વ્યાજની આશાથી પોતાના રૂપિયા કરજદારને આપી દે છે. કારણ એ છે કે દરેક બુદ્ધિમાન વ્યક્તિ એ નીતિથી સારી રીતે પરિચિત છે કે વધારે લાભ માટે થોડું જોખમ ઉઠાવવું જરૂરી છે. બીમાર થતાં સોનાચાંદીના ઘરેણાં વેચીને પણ દવાદારૂ કરવામાં આવે છે. સોનાચાંદી પ્રિય વસ્તુઓ છે, તો પણ જિંદગીના મુકાબલે તેનું મૂલ્ય ઓછું છે, તેથી વધારે મૂલ્યની વસ્તુ માટે ઓછા મૂલ્યની વસ્તુનો ખર્ચ કરી નાખવામાં આવે છે. નામના મળે તેવાં કાર્યોમાં, ધર્મકાર્યોમાં સખત મહેનતના પૈસા ખર્ચી નાખવામાં આવે છે કેમ કે યશથી, પુણ્યકર્મથી, મનને જે આનંદ મળે છે તે પૈસા જમા કરવાના આનંદ કરતાં વધારે મહત્ત્વપૂર્ણ હોય છે. ઘામાં કીડા પડી ગયા છે. ડૉક્ટર જુવે છે કે જો કીડા જીવિત રહેશે તો રોગી મરી જશે. તેની સામે ધર્મસંકટ આવે છે કે કીડાને મારી નાખું કે રોગીને મરવા દઉં ? બુદ્ધિ કહે છે કીડા કરતાં મનુષ્ય સંસાર માટે અધિક ઉપયોગી છે. ડૉક્ટર ઘા પર ઝેરી દવા લગાવે છે. બાળકના પગમાં કાંટો પેસી ગયેલ છે. કાઢવા માટે તે સ્થાનને અડકતાં જ બાળક દર્દનો માર્યો ચીસો પાડે છે. માતા વિચારે છે કાંટો કાઢવામાં આને કષ્ટ થાય છે, પણ જો કાંટો રહેવા દેવામાં આવશે તો કષ્ટની માત્રા અનેકગણી વધી જશે. તેટલા માટે તે જબરદસ્તી કરે છે. છોકરાના હાથપગ પકડીને કાંટો કાઢે છે. છોકરો ચીસો પાડે છે. છતાં પણ તે તો કાંટો કાઢીને જ રહે છે કારણ એ કે માતાનો વિવેક તેને કહે છે કે

મોટા કષ્ટનું નિવારણ કરવા માટે નાનું કષ્ટ આપવામાં કંઈ વાંધો નથી. સમાજને હાનિ પહોંચાડનારા હિંસક, હત્યારા તથા ડાકુ લોકોને અદાલત દ્વારા મૃત્યુદંડ મળે છે. એક માણસનો જીવ જાય છે, પણ તેનાથી અસંખ્ય વ્યક્તિઓની પ્રત્યક્ષ કે પરોક્ષ મુશ્કેલીઓનું નિવારણ થાય છે. તેથી જજ મૃત્યુદંડ આપવાથી થતી હિંસાની પરવા કરતા નથી. વધારે લાભ માટે થોડી હાનિ પણ ભોગવવી જ પડે છે.

ત્યાગી, સાધુ પુરુષ બીજા લોકોને સુખી બનાવવા માટે પોતાનું જીવન અર્પણ કરી દે છે. તે પોતે દુઃખી જીવન જીવતા હોવા છતાં બીજા લોકોને સુખી બનાવવાનો પ્રયત્ન કરે છે. કેમકે તે સમજે છે કે તેમના એકલાના કષ્ટથી અગર અનેક પ્રાણીઓને સુખ મળતું હોય તો તે વધારે લાભકારી છે. વીર ક્ષત્રિયાણી પોતાના પતિને યુદ્ધભૂમિમાં પ્રસન્નતાપૂર્વક મોકલી દે છે અને વૈધવ્યનો સ્વીકાર કરી લે છે કેમકે સૌભાગ્ય સુખ કરતાં કર્તવ્યને તેઓ ઊંચું માને છે. સતી, સાધ્વી મહિલાઓ સતીત્વની રક્ષા માટે જીવ પર આવી જાય છે. તેમને વિશ્વાસ હોય છે કે શરીર કરતાં સતીત્વનું મહત્ત્વ વધારે છે. શ્રેષ્ઠ પુરુષ અપમાનની જિંદગી કરતાં આબરૂમય મોત પસંદ કરે છે કેમકે તેઓ જિંદગી કરતાં આબરૂને મોટી ગણે છે.

દાર્શનિક ઈગલે પોતાના ગ્રંથોમાં ધર્મની વ્યાખ્યા કરતી વખતે "અધિક લોકોને અધિક લાભ" ને પ્રધાનતા આપી છે. જે કામ કરવાથી સમાજની સુખશાંતિમાં વૃદ્ધિ થાય તેના માટે થોડા લોકોને થોડું કષ્ટ પણ આપી શકાય. કરોડો ગરીબોને ભોજન આપવા માટે જો મૂડીવાદી વ્યવસ્થા બદલવી પડે અને તેથી થોડા મૂડીદારોને કાંઈ કષ્ટ થતું હોય તો તે સહન કરવું પડે. પશુવધ બંધ થવાથી કસાઈના કૂતરાઓને ભૂખ્યા રહેવું પડે તો તે સહન કરી લેવું પડે. મોટા કષ્ટનું નિવારણ કરવા માટે નાનું કષ્ટ આપવું પડે તો અમુક હદ સુધી તે ક્ષમ્ય છે.

એક મનુષ્ય ભૂખે મરી રહ્યો હોય અને બીજો જરૂર કરતાં વધારે ભોજન લઈને ફરતો હોય તો ભૂખ્યાની પ્રાણરક્ષા માટે બીજા પાસેથી થોડું અન્ન બળપૂર્વક છીનવીને પણ આપવું જોઈએ.

() * () * () * ()

મુદ્રક યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.